કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • 10, June 2023 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ

## શૈક્ષણિક વિશેષાંક



# શ્રદ્ધાંજલી



## સ્વ. ઈન્દુબેન પ્રવીણભાઈ તલસાણિયા (રાજકોટ)

**સ્વ. તા. ૨૩-૫-૨૦૨૩, જેઠ સુદ-૪, મંગળવાર**

તમારૂ જીવન અમારી પ્રેરણા હતું, તમારા આદર્શો અમારા માર્ગદર્શક હતા,
અમે તમારા સરળ જીવન ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને ક્યારેય ભુલીશું નહીં.
પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**: પરિવાર :**

**પ્રવીણભાઈ અરજણભાઈ તલસાણિયા**

**મનિષ પ્રવીણભાઈ તલસાણિયા**
(પ્લાન્ટ હેડ મહિન્દ્રા સી.આઈ.આઈ. ઓટોમોટીવ
લીમીટેડ, શાપર (રાજકોટ) – ૯૮૨૪૪ ૫૯૦૪૨

**મનિષા મનીષભાઈ તલસાણિયા**

**પંકજ પ્રવીણભાઈ તલસાણિયા** – ૯૭૨૭૦૪૭૧૭૧

**રાજલ પંકજભાઈ તલસાણિયા**

**જીયા મનીષભાઈ તલસાણિયા**

**રેખાબેન પંકજકુમાર સંચાણીયા** (અમદાવાદ)

**આરવ પંકજભાઈ તલસાણિયા**

**હિના પ્રવીણભાઈ તલસાણિયા**

**॥ જય સ્વામીનારાયણ ॥ ॥ જયશ્રી કૃષ્ણ ॥**

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-12, Issue No.5
Date : 10-06-2023

Page : 36
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# દેલવાડામાં થયેલ સંગઠનનો પ્રયાસ સુવર્ણ અક્ષરે લખાશે

દેલવાડામાં શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ આયોજીત પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવની સાથોસાથ યોજાયેલ ગુજરાત મહાઅધિવેશનમાં સમાજના સંગઠન માટે હંગામી કમિટી બનાવવાના પ્રશ્ને શાબ્દિક વિવાદ થયા અને કમિટી ભલે ન બની શકે પરંતુ આયોજકોએ સમાજના સંગઠન માટે કરેલી મહેનત અને સંગઠનના પ્રયાસ સમાજમાં સુવર્ણ અક્ષરે લખાશે.

ગુજરાતમાં પ્રથમ વખત એવુ બન્યુ કે આયોજકો ગુજરાતમાં આવેલ ૬૦ થી ૬૨ જેટલી રજીસ્ટર્ડ સંસ્થાઓના હોદ્દેદારોને મળી અને રૂબરૂ આમંત્રણ આપવામાં આવ્યા અને સંગઠનની જરૂરીયાત અને હેતુ સમજાવ્યો હોય. ચાર જેટલી કમિટી બનાવી ઘરના પૈસા કાઢીને આગેવાનો કાર્યકરો સંસ્થાઓ પાસે ગયા. મહોત્સવમાં ગુજરાતભરમાંથી આવેલા પ્રમુખો માટે એ.સી. હોટલની વ્યવસ્થા પણ કરી અને આગતા સ્વાગતા માટે કંઇ બાકી ન રાખ્યું. સંમેલનમાં આયોજકોનો સુર એવો હતો કે સંગઠનની કાર્યવાહી માટે હંગામી કમિટી થાય. અને આ કમિટી સંગઠન કેવી રીતે કરવુ તેની જવાબદારી લે. પરંતુ સંમેલનમાં ૫૦ ટકા પણ લોકો આવ્યા નથી અને રાજકોટ-અમદાવાદ સહિતના શહેરોમાં ત્રણ-ચાર સંમેલનો યોજવા જોઇએ તેવા કેટલાક વિચારો રજુ કરાયા અને સંગઠન માટે જીલ્લાઓના પ્રમુખોને જવાબદારી સોંપવાનો સુર વ્યકત થયો. સંમેલનમાં જીલ્લાના પ્રમુખોને જવાબદારી સોંપવા અંગેના નિર્ણયનો ઠરાવ કરવો જોઇએ. પરંતુ અમોને અંતે આવા કોઇ ઠરાવ થઇ શકયો નહીં અને નોટીસમાં સહી કરવા સમયે બધા વિખરાવા લાગ્યા હતા. પરિણામે અધિવેશનનું કોઇ નકકર પરિણામ ન આવ્યુ હોવાનો ઘાટ ઘડાયો છે.

સંગઠન માટે જીલ્લાના પ્રમુખોને જવાબદારી સોંપવામાં આવી છે. પરંતુ જીલ્લાના પ્રમુખોએ આગળની કાર્યવાહી કરી છે કે નહીં તેનું ફોલોઅપ કોણ કરશે તેવો પણ પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

રાજકોટના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા અને અમદાવાદના પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયા હવેનું સંમેલન રાજકોટ કરવુ કે અમદાવાદ તે નકકી કરશે તેવી જાહેરાત સંમેલનમાં થયા બાદ ધર્મેન્દ્રભાઇએ હવે શ્રી સૌરાષ્ટ્ર ગુ.સુ. યુવક મંડળ આયોજીત સંમેલન અમદાવાદ યોજાશે તેવી જાણ પ્રમુખોના વોટસઅપ ગ્રુપ દ્વારા કરી છે.

જો કે સંમેલનની તારીખ જાહેર નથી થઇ. પરંતુ અમદાવાદ જે સંમેલનમાં દેલવાડામાં પ્રમુખોએ મંતવ્યો રજુ કર્યા તેવું જ અમદાવાદમાં થાય તેને બદલે નકકર નિર્ણય સંમેલનમાં લેવાય અને સંગઠન માટે સર્વાનુમતે કમિટીનું ગઠન થાય અને એ કમિટી આગળની કાર્યવાહી કરે તેવો નિર્ણય અને ઠરાવ થવો જોઇએ.

શ્રી રસીકભાઇ બદ્રકિયાએ સિલેકશન નહીં પરંતુ ઇલેકશન કરવાનો મત વ્યકત કર્યો હતો. જેનો અમલ કરવો હોય તો તેના માટે પણ ચુંટણી માટેની ચોકકસ માર્ગદર્શિકા અમદાવાદના સંમેલનમાં ઘડાવી જોઇએ. આવુ થશે તો જ અધિવેશની ફલશ્રુતિ થઇ ગણાશે.

દેલવાડાના સંમેલનમાં રાજકોટ પ્રગતિ મંડળના પ્રમુખ રમણીકભાઇ પાટણવાડિયાએ હું કરું, હું કરુંની માનસીકતા છોડી આપણે આપણે સૌની ભાવના કેળવવામાં આવશે તો જ સમાજના સંગઠન માટે વર્ષોથી થઇ રહેલી ચર્ચા અને પ્રયાસ સફળતામાં પરિણમશે. તેમની આ વાતને અમલ કરવા ભગવાન વિશ્વકર્મા સૌને પ્રેરણા આપે તેવી પ્રાર્થના...

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# મોરબીના ડો. ચેતન ઘોરેચાને ફીઝીયોથેરાપીમાં ગોલ્ડ મેડલ





મોરબીમાં રવાપર રોડ પર બોની પાર્કમાં રહેતા સ્વ. નીતિનભાઇ ઘોરેચા અને ભાનુબેન ઘોરેચના પુત્ર ડો. ચેતન ઘોરેચાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ફીઝીયોથેરાપીમાં માસ્ટર ડીગ્રી મેળવવાની સાથે યુનિ.માં ફર્સ્ટ આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી અનેરી સિદ્ધિ મેળવી છે. ડો. ચેતન ઘોરેચાને આ ગોલ્ડ મેડલ રાજ્યના કેબીનેટ કક્ષાના શિક્ષણમંત્રી ઋષીકેશ પટેલના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

ડો. ચેતન ફીઝીયોથેરાપીમાં બેચલર ડીગ્રી જામનગરમાં મેળવી હતી અને માસ્ટર ડીગ્રી રાજકોટની કે.કે. શેઠ ફીઝીયોથેરાપી કોલેજમાંથી મેળવી છે. ડો. ચેતન ઘોરેચાએ ઓર્થોપેડીક અને સ્પોર્ટસ કન્ડીશન ક્ષેત્રમાં એમ.ડી.ટી. ડીગ્રી મેળવી છે. મોરબી જીલ્લામાં આવો ગોલ્ડ મેડલ મેળવનાર ડો. ચેતન ઘોરેચા પ્રથમ છે.

હાલ ડો. ચેતન ઘોરેચા વિવિધ હોસ્પિટલમાં વીઝીટીંગ ડોકટર તરીકે કામ કરે છે. ટુંક સમયમાં તે પોતાનું દવાખાનું શરૂ કરશે. ડો. ચેતન ઘોરેચા મોરબીના ભાડેશીયા પરિવારના ડો. જયંતીભાઇ ભાડેશીયાનો ભાણેજ છે.


# મહુવાની તન્વી ગુજડિયાએ બી.એડમાં ગોલ્ડ મેડલ મેળવ્યો





મહુવામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અને મહુવા ગુર્જર સુતાર મંદિરમાં ટ્રસ્ટી તરીકે સેવા કરતા પ્રફુલભાઇ ગુજડીયા અને મીનાબેનની પુત્રી તન્વીએ બી.એડમાં યુનિ. ફર્સ્ટ આવી, ગોલ્ડ મેડલ મેળવી સમાજમાં અનેરું ગૌરવ પ્રાપ્ત કરી સમાજનું ગૌરવ વધાર્યું છે. ભાવનગર યુનિ.માં ગોલ્ડમેડલ મેળવ્યો છે. તાજેતરમાં ભાવનગરના યુવરાજ શ્રી જયવીરરાજસિંહજી, કુલપતિ ડો. એમ.એમ. ત્રિવેદી અને એનસીસીમાં ઓફીસર અને માયાભાઇ આહીરના હસ્તે તન્વીને આ ગોલ્ડ મેડલ સાથે સિલ્વર મેડલ પ્રાઇઝ અને સર્ટીફીકેટ એનાયત થયા હતા. તન્વીએ એચએસસી પછી માઇક્રોબાયોલોજીમાં બી.એસ.સી. કર્યું છે. અને હાલ એમ.એસ.સી. કરી રહી છે. પીએચ.ડી. કરીને શિક્ષણ ક્ષેત્રમાં આગળ વધવાનું તેમનું લક્ષ્ય છે.

# દીપ સોલંકીએ યુ.કે.માં પ્રોજેક્ટ મેનેજમેન્ટમાં માસ્ટર ડિગ્રી મેળવી






રાજકોટમાં ભારત મીકેનીકલ વર્કસ નામનું ઔદ્યોગિક એકમ ધરાવતા અને રાજકોટના લુહાર સેવા સમાજ અને રાજકોટ લુહાર બોર્ડીંગ અને સોમનાથ ધર્મશાળામાં ટ્રસ્ટી તરીકે ફરજ બજાવતા મનસુખભાઇ સોલંકી અને રીટાબેન સોલંકીના પુત્ર દીપ સોલંકીએ યુ.કે.(લંડન)માં પ્રોજેક્ટ મેનેજમેન્ટમાં માસ્ટર ડિગ્રી મેળવવાની સિદ્ધિ હાંસલ કરીને સમાજનું ગૌરવ વધાર્યુ છે.

બાંધકામને લગતી મશીનરીના વ્યવસાય સાથે સંકળાયેલ મનસુખભાઇ સોલંકી સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે સતત પ્રયત્નશીલ હોવાથી તેમના પુત્રને પણ ઉચ્ચ શિક્ષણની પ્રેરણા આપી અને આજે યુ.કે.માં માસ્ટર ડિગ્રી મેળવી છે.

દીપે રાજકોટની એસ.એન. કણસાગરામાં અભ્યાસ કર્યો હતો અને બેચલરની ડિગ્રી વડોદરાની પારૂલ યુનિવર્સિટીમાંથી મેળવ્યા બાદ માસ્ટર ડિગ્રી મેળવવા યુ.કે. ગયા અને ત્યાંની કોન્વેન્ટરી યુનિવર્સિટીમાં પ્રોજેક્ટ મેનેજમેન્ટમાં માસ્ટર ડિગ્રી મેળવી છે અને ત્યાં જ એમેજોન નામની મોટી કંપનીમાં જોબ પર લાગી ગયો છે.

# રાજકોટના યશ મિસ્ત્રી બન્યા ડોકટરઃ હવે એમ.ડી.ની તૈયારી





રાજકોટની પોલીટેક્નીકમાં ફરજ બજાવતા સૌરાષ્ટ્ર સમસ્ત લુહાર જ્ઞાતિ પ્રગતિ મંડળનમાં (લુહાર બોર્ડીંગ)માં ૧૫ વર્ષથી સહમંત્રી તરીકે ફરજ બજાવતા મંગેશભાઇ મિસ્ત્રી અને કુસુમબેનના પુત્ર યશ મિસ્ત્રીએ જુનાગઢની જીએમઇઆરએસ મેડીકલ કોલેજમાંથી એમબીબીએસ કરી ડોકટર તરીકેનું બિરૂદ હાંસલ કર્યું છે. ડો. યશ મિસ્ત્રી હાલ જુનાગઢની સરકારી હોસ્પિટલમાં ૬ માસથી ઇન્ટર્નશીપ કરી રહયો છે અને માસ્ટર ડિગ્રી મેળવવા પ્રવેશ મેળવવાની તૈયારી કરી રહયો છે. ડો. યશ મિસ્ત્રીની આ સિદ્ધિને સમાજના આગેવાનોએ વધાવી અભિનંદન વરસાવ્યા છે. લુહાર સમાજમાં આવુ ગૌરવ પ્રાપ્ત કરતા યશ મિસ્ત્રી વધુને વધુ મેડીકલ ક્ષેત્રે આગળ વધે તેવી શુભેચ્છાઓ વ્યકત થઇ રહી છે. ડો. યશ મિસ્ત્રી ઉત્તરોતર તબિબિ ક્ષેત્રે આગળ વધી નામના મેળવે તેવી વિશ્વકર્મા વિશ્વ તરફથી શુભેચ્છા...

# મોડાસાના પિનાકીનભાઇ સુથારની પુત્રી જાનવી સુથાર ડોકટર બની







મોડાસામાં અંબિકા મશીનરીના નામથી મિલ્ક ટેસ્ટીંગની મશીનરીના વ્યવસાય સાથે સંકળાયેલા અને મોડાસામાં આવેલ પાંડુરંગ સોસાયટીમાં રહેતા પીનાકીનભાઇ સુથાર અને રાગીણીબેનની પુત્રી જાનવીએ કચ્છની કાંતિગુરૂ યુનિવર્સિટીમાં ભુજમાં આવેલ અદાણી ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલમાં અભ્યાસ કરી એમબીબીએસની ડીગ્રી મેળવી છે. અને જાનવી હવે ડો. જાનવી બન્યા છે અને સમાજમાં ગૌરવ વધાર્યું છે. ડો. જાનવી હવે મેડીકલમાં એમ.ડી. થવાની તૈયારી કરી રહી છે.

ડો. જાનવીના માતા રાગીણીબેન પણ ઉચ્ચ શિક્ષિત છે. તેમણે પીટીસી ઉપરાંત ડી.ફાર્મ અને બી.એસસી.નો ઉચ્ચ અભ્યાસ કર્યો છે. અને હાલમાં સરકારી શાળામાં પ્રાયમરી શિક્ષિકા તરીકે ફરજ બજાવી રહયા છે. તેમનો પુત્ર સમર્થ પણ એમબીબીએસના ફાઇનલ વર્ષમાં છે અને તે પણ ડોકટર બનશે. ડો. જાનવીને વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા.

# જામનગરની પ્રિયંકા એલએલબીમાં કોલેજ પ્રથમ



જામનગરમાં ઉદ્યોગનગર જીઆઇડીસીમાં અંબા એન્ટરપ્રાઇઝના નામથી ઔદ્યોગિક એકમ ધરાવતા અને સુંદરમ સોસાયટીમાં રહેતા જીતેશભાઇ વડગામા અને મીનાબેનની પુત્રી પ્રિયંકાએ એલ.એલ.બી.ની પરીક્ષા પ્રથમ રેંક મેળવી કે.પી. શાહ લો કોલેજમાં પ્રથમ અને યુનિ.માં ૭મું સ્થાન મેળવી સમાજમાં અનેરું ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

પ્રિયંકાએ એચએસસીમાં પરીક્ષા જેકુરબેન વિદ્યાલયમાંથી પાસ કરી એમ.પી. શાહ કોલેજમાં બી.કોમ. કર્યું અને ત્યારબાદ કે.પી. શાહ લો કોલેજમાં અભ્યાસ કરી ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી છે.

પ્રિયંકા વડગામા વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં કહયું કે હાલ હું જયુડીસરી પ્રેકટીસ કરીશ અને જજની પરીક્ષા આપવી છે. હાલમાં હું ઈન્કમટેક્ષ-જીએસટીની પ્રેકટીસ કરું છું. અને આજ ક્ષેત્રમાં આગળ વધવું છે.

પ્રિયંકાને સંગીતનો શોખ છે. સાથોસાથ રીડીંગનો પણ શોખ છે. તેમના પિતા જીતેશભાઇ પણ સારા ગાયક છે. પ્રિયંકા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા.

# જામનગરમાં શિક્ષક દંપત્તિની પુત્રી મૈત્રી સંચાણિયા ડોકટર બનશે





જામનગરના મયુર પાર્કમાં રહેતા શિક્ષક દંપત્તિ ચિરાગભાઇ સચાણીયા અને દીપ્તીબેનની સુપુત્રી મૈત્રીએ એચએસસીમાં સાયન્સમાં ૯૩ પીઆર મેળવી પરિવારનું સમાજમાં ગૌરવ વધાર્યું છે.

દીપ્તીબેને વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં કહયુ હતુ કે મૈત્રીને તબીબી ક્ષેત્રે આગળ વધવું છે. અને એમબીબીએસમાં પ્રવેશ મેળવવાની તૈયારી કરી રહી છે. મૈત્રી ડ્રોઇંગમાં રસ અને રૂચી ધરાવે છે અને શાસ્ત્રીય નૃત્યનો પણ શોખ ધરાવે છે. મૈત્રીએ મુંબઇની બૃહદ સંસ્થા અને વેરાવળ યુનિવર્સિટીમાંથી કથ્થકમાં વિશારદની ડિગ્રી પણ હાંસલ છે. મૈત્રીના માતા દીપ્તીબેન રાજકોટના જગદીશભાઇ સાંકડેચા પરિવારના છે. રાજકોટમાં ગ્રેજયુએશન કર્યા બાદ જામનગર સાસરે જઇને તેમણે બી.એડ. કર્યું અને હાલ જામનગરની મ્યુ. કોર્પો.ની શાળા નં. ૩માં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. મૈત્રીના પિતા ચિરાગભાઇ સચાણિયાએ પણ બી.એસસી. બી.એડ. કર્યું છે અને જામનગરની કોર્પો.ની શાળા નં. ૩૨માં ફરજ બજાવે છે. ચિરાગભાઇ સાહિત્ય પ્રેમી છે અને લેખન વાંચનનો પણ શોખ ધરાવે છે. શિક્ષક દંપતિની પુત્રી ડોકટર બને તેવી શુભેચ્છા.

# કાજલ કુકડીયા (સુરેલીયા)ને સૌ. યુનિ. દ્વારા પીએચ.ડી. એનાયત



રાજકોટના મહેશભાઇ વાઘજીભાઇ સુરેલીયા (સુરેશભાઇ) અન ઇન્દુબેનની પુત્રી અને કાકડીયા પરિવારની પુત્રવધુ કાજલ મુકેશભાઇ સુરેલીયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી અનૌપચારીક શિક્ષણના સાધન તરીકે કાર્ટુનની ઉપયોગીતાએ વિષય પર મહાનિબંધ રજુ કર્યો હતો. જેને માન્ય રાખી યુનિવર્સિટીએ કાજલને પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરી છે. કાજલે આ નિબંધ શ્રીમતી એમ.એમ. શાહ કોલેજ ઓફ એજયુકેશન (સુરેન્દ્રનગર)ના પ્રો. દીપ્તીબેન બી. કુંડલના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો.

કાજલે પિતા સુરેશભાઇ અને માતા ઇન્દુબેનના પ્રોત્સાહનથી એમ.કોમ. અને એમ.એડ. અને ટાટ કર્યુ હતુ. ત્યારબાદ તેમના લગ્ન બાદ સાસરીયા અને પતિ મુકેશભાઇના પ્રોત્સાહનથી પીએચ.ડી.ની ડીગ્રી હાંસલ કરી છે.


કાજલ ૨૦૧૪થી વાંકાનેરમાં અમરસિંહજી હાઇસ્કુલમાં હાયર સેકેન્ડરીમાં ભાષા અને એકાઉન્ટના શિક્ષક તરીકે ફરજ બજાવે છે. કાજલના પતિ મુકેશભાઇએ એમ.કોમ., બી.એડ. અને ટાટ કર્યું છે. અને આટકોટની વિદ્યાવિહાર સ્કુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે.

## જય ધ્રાંગધરિયાએ સી.એ.ની ફાઉન્ડેશન પરીક્ષામાં ડીસ્ટ્રીકશન સાથે ઉત્તીર્ણ



રાજકોટના ફિલ્ડમાર્શલ કંપનીમાં પરચેઇઝ ઓફીસર તરીકે ફરજ બજાવતા અને કોઠારીયા કોલોનીમાં રહેતા રાકેશભાઇ અને શિલ્પાબેન ધ્રાંગધરિયાના પુત્ર જયએ સી.એ.ની ફાઉન્ડેશન પરીક્ષા ડીસ્ટ્રીકશન સાથે પાસ કરી છે. તે અમદાવાદની જે.કે. શાહ ઇન્સ્ટીટ્યુટમાં અભ્યાસ કરી રહયો છે. અને હવે તે સી.એ.ની ઇન્ટર પરીક્ષા આપશે. રાજકોટની મોદી સ્કુલમાં એચ.એસ.સી. પાસ કરી તે અમદાવાદ બી.કોમ.નો અભ્યાસ કરી રહયો છે. અને ચાર્ટડ એકાઉન્ટન્ટ બનવાની તૈયારી કરી રહયો છે. જય સી.એ. બને તેવી શુભેચ્છા...

# હેત પાટણવાડીયાને SSCમાં 99.92 PR : ઇજનેર બનવું છે






રાજકોટના રાજનગરમાં રહેતા અને રાજનગર ચોકમાં દર્શી બાયોમેડીકલના નામથી બાયોમેડીકલનો વ્યવસાય ધરાવતા રજનીભાઇ પાટણવાડીયા અને અલ્કાબેનના પુત્ર હેતએ એસએસસીમાં ૯૯.૯૨ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે. વિશ્વકર્મા વિશ્વ કાર્યાલયે આવેલ હેતએ કહયું કે, 'મારે સોફટવેર ઇજનેર બનવું છે. એટલે આગળના અભ્યાસ માટે 'એ' ગ્રુપ પસંદ કરીને મોદી સ્કુલમાં જ પ્રવેશ મેળવી લીધો છે.

હેતને કેરમ અને ચેસ રમવાનો શોખ છે અને સાયન્સમાં પણ રસ અને રૂચી છે. ૨૦૨૧માં સરકાર દ્વારા યોજાયેલા સાયન્સ ફેરમાં હોસ્પિટલના બાટલાનું ઓટોમેશન કરતો પ્રોજેકટ બનાવ્યો હતો. જે પ્રોજેકટ વિજેતા થયો હતો. હેતના પિતા આઇ.સી. ઇજનેર છે. અને બાયો મેડીકલનો પોતાનો વ્યવસાય છે. હેતના માતા અલ્કાબેન કોમર્સ ગ્રેજયુએટ છે.

હેતનું સોફટવેર ઇજનેર બનવાનું લક્ષ્યાંક સિદ્ધ થાય તેવી વિશ્વકર્મા વિશ્વની શુભેચ્છા.

# પ્રાર્થના મકવાણાને SSCમાં 99.81 PR : સી.એ. બનવાનું લક્ષ્ય





રાજકોટના મવડી વિસ્તારમાં રહેતા અને આફ્રિકામાં મોલમાં સર્વિસ કરતા રીપુલભાઇ અને સેજલબેન મકવાણાની પુત્રી પ્રાર્થનાએ એસએસસીમાં ૯૯.૮૧ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે. પ્રાર્થના તેની માતા સેજલબેન અને નાના હરીશભાઇ દાવડાની સાથે વિશ્વકર્મા વિશ્વ કાર્યાલયે આવ્યા હતા ત્યારે પ્રાર્થનાએ કહયું કે મારે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવુ હોવાથી ધો. ૧૧માં ઉદગમ સ્કુલમાં જ પ્રવેશ મેળવ્યો છે.

પ્રાર્થનાના પિતા આફ્રિકા નોકરી કરે છે. આફ્રિકામાં સારું શિક્ષણ ન હોવાથી તેમના પત્ની સેજલબેન આફ્રિકા ગયા નથી અને તેમના સંતાનોને સારું શિક્ષણ મળે તે માટે અહીં જ રહીને સંતાનોને સારું શિક્ષણ આપી રહયા છે. સેજલબેન પોતાના નિવાસસ્થાને ટયુશન કલાસ ચલાવે છે. અને શિવણકામ પણ કરીને પુરક આવક મેળવી રહયા છે. પ્રાર્થનાએ ઉદગમ સ્કુલમાં અભ્યાસ દરમ્યાન સ્પોર્ટસ એકટીવીટીમાં પણ ભાગ લીધો છે. પ્રાર્થના કહે છે, હવે મારું લક્ષ્ય સી.એ. બનવા તરફ જ છે. પ્રાર્થના સી.એ. બને તેવી શુભકામના.

# જૈવીન ત્રેટીયાને SSCમાં 99.81 PR : સોફ્ટવેર ઈજનેર બનવું છે






ફર્નીચરના વ્યવસાય સાથે સંકળાયેલા અને રાજકોટના કોઠારીયા રોડ પર આવેલ સદ્‌ભાવના સોસાયટીમાં રહેતા અનિલભાઇ ત્રેટીયા અને હીનાબેનના પુત્ર જૈવીને સર્વોદય સ્કુલમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૯૯.૮૧ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે. ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા યોજાતી ક્રિકેટ ટુર્નામેન્ટમાં કેપ્ટન ઇલેવનમાંથી ક્રિકેટ રમતો જૈવીન જીમખાનામાં પણ ક્રિકેટ પ્રેકટીસ કરતો રહયો છે. જૈવીનની ઇચ્છા એચએસસીમાં સારા માર્કસ લાવીને સોફ્ટવેર ઇજનેર બનવું છે. કેળવણી મંડળ દ્વારા યોજાતા વિદ્યાર્થી સન્માન સમારોહમાં પણ જૈવીન સન્માન મેળવી ચુકયો છે.

ફર્નીચર કામ કરતા અનિલભાઇ ત્રેટીયાનો પુત્ર જૈવીન તેમનું લક્ષ્યાંક સિદ્ધ કરે તેવી શુભેચ્છા.

# મિલન અંબાસણાને SSCમાં 99.42 PR : સોફ્ટવેર ઈજનેર બનવું છે



રાજકોટની શ્રમજીવી સોસાયટીમાં રહેતા અને ફોટોગ્રાફીના વ્યવસાય સાથે સંકળાયેલા નિલેશભાઇ અંબાસણા અને અલ્પાબેન અંબાસણાના પુત્ર મિલને સરસ્વતી હાઇસ્કુલમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૯૯.૪૨ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે.

મિલનની ઇચ્છા આઇઆઇટીમાં ઉચ્ચ અભ્યાસ કરી સોફ્ટવેર ઇજનેર બનવું છે. અને આગળના અભ્યાસ માટે સર્વોદય સ્કુલમાં જ પ્રવેશ મેળવીને આગળનો અભ્યાસ શરૂ કર્યો છે.

મિલનને ડ્રોઇંગનો પણ શોખ છે. અને ગુજરાત સરકારની એલીમેન્ટ્રીની પરીક્ષા પણ પાસ કરી છે.


મિલનના પિતા નિલેશભાઇ ફોટોગ્રાફર છે અને ઘેર ઘડીયાળના કેસનું પણ સાઇડમાં કામ કરે છે. રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળમાં ફોટોગ્રાફીની સેવા પણ તેઓ કરે છે.

મિલન તેનું લક્ષ્ય સિદ્ધ કરે તેવી વિશ્વકર્મા વિશ્વ તરફથી હાર્દિક શુભેચ્છા...

# રાજકોટની ધ્યાની વડગામાને SSCમાં 98.84 PR : ડોક્ટર બનવું છે



રાજકોટમાં ઘનશ્યામ ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં વડગામા પેટર્નના નામથી પેટર્નનું કામકાજ કરતા નીતિનભાઇ અને નીતાબેન વડગામાની પુત્રી ધ્યાની વડગામાએ સર્વોદય સ્કુલમાં અભ્યાસ કરી એસએસસીમાં ૯૮.૮૪ પીઆર મેળવવાની સિદ્ધિ હાંસલ કરી સમાજમાં ગૌરવ વધાર્યું છે. ધ્યાનીનું લક્ષ્ય ડોકટર બનવાનું છે એટલે ૧૧માં ધોરણમાં સાયન્સ પસંદ કરીને ધોળકીયા સ્કુલમાં પ્રવેશ મેળવ્યો છે.



ધ્યાનીને પેઇન્ટીંગ-સીંગીંગમાં રસ છે. સ્કુલમાં યોજાતા કાર્યક્રમમાં પણ તે ભાગ લેતી હતી. ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા યોજાતા નવરાત્રિ મહોત્સવમાં પણ ભાગ લઇ ઇનામો મેળવી ચુકી છે.

ધ્યાના ડોકટર બનવાનું તેમનું લક્ષ્ય સિદ્ધ કરે તેવી શુભેચ્છા.

# અમદાવાદના આર્કીટેકટ દંપતીની પુત્રી આંશિએ SSCમાં 98.6 % મેળવ્યા




અમદાવાદમાં એસ.જી. હાઇવે પર રહેતા આર્કીટેકટ દંપતિ હેતલકુમાર મિસ્ત્રી અને અલ્પા મિસ્ત્રીની પુત્રી આંશિએ આઇસીએસઇ બોર્ડની એસએસસીની પરીક્ષા આપી ૯૮.૬ % મેળવી સમાજમાં ગૌરવ વધાર્યું છે. આંશિ માતા-પિતાના પગલે પગલે આર્કીટેક્ટ કે ઇજનેર બનવાની ઇચ્છા ધરાવે છે. આંશિએ રેડબ્રીકસ નામની શાળામાં અભ્યાસ કરી આ સિદ્ધિ મેળવી છે. શાળામાં બધા જ વિષયમાં ટોપર રહી છે. અને બે વર્ષથી હેડ ગર્લ તરીકે ચુંટાય છે. આંશિને અભ્યાસ ઉપરાંત વિજ્ઞાન, આર્ટ, પ્રવાસ અને વાંચનમાં રસ અને રૂચિ ધરાવે છે. તેમણે જે શૈક્ષણિક સિદ્ધિ મેળવી છે તે કોઇપણ જાતના ટ્યુશન વગર સ્વ મહેનતે મેળવી છે.



આંશિના પિતા હેતલકુમાર મિસ્ત્રી આર્કીટેકટ છે અને બીમ, લોડ ક્ષેત્રમાં નિષ્ણાંત છે. દેશનું નવુ જે સંસદ ભવન બન્યું તે એચસીપી કંપની સાથે જોડાયેલા છે.

આંશિના માતા અલ્પા મિસ્ત્રી પણ આર્કીટેકટ છે અને એએમએલડી નામની પોતાની કંપનીમાં પ્રિન્સીપલ આર્કીટેકટ છે. આર્કીટેકટ-ઇન્ટીરીયર અને લેન્ડ સ્કેપીંગમાં તેઓ નિપણુતા ધરાવે છે.

# કેશોદની પૂર્વી સાપરાને આઇપીએસ ઓફીસર બનવુ છે




કેશોદમાં ફર્નીચરનું કામ કરતા અને આલાપ કોલોનીમાં રહેતા ગીરીશભાઇ સાપરા અને ભાવનાબેનની પુત્રી પૂર્વીએ કેશોદમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૯૭.૯૩ પીઆર મેળવી સમાજમાં ગૌરવ વધાર્યું છે. પૂર્વીએ આગળના અભ્યાસ માટે 'બી' ગ્રુપ સાથે શ્રેયસ સ્કુલમાં પ્રવેશ મેળવી લીધો છે.



પૂર્વીની ઇચ્છા યુપીએસસી અને જીપીએસસીની પરીક્ષાઓ આપવાની અને ભવિષ્યમાં આઇપીએસ ઓફીસર બનવાની છે. પૂર્વી શિક્ષણમાં આગળ વધી અને આઇપીએસ ઓફીસર બનવાનું સ્વપ્નુ સાકાર કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવારની હાર્દિક શુભેચ્છા.

# હિત મકવાણાને SSCમાં 98.66 PR : સીએ બનવું છે






રાજકોટના પેલેસ રોડ પર હર્ષલ જવેલર્સના નામથી સોનાના દાગીનાનો હોલસેલ વેપાર કરતા અને રીંગ રોડ પર બીગ બજાર પાછળ જગન્નાથ પ્લોટ મેઇન રોડ પર રહેતા હીરેનભાઇ મકવાણા અને અર્ચનાબેનના પુત્ર હિત મકવાણાએ એસએસસીમાં ૯૮.૬૬ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે. હીતએ ધોળકીયા સ્કુલમાં અભ્યાસ કરીને આ સિદ્ધિ મેળવી છે. વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં હીતએ સી.એ. થવાનું મારૂં લક્ષ્ય હોવાનું જણાવ્યું હતું. હીતએ ધો. ૧૧માં ધોળકીયા સ્કુલમાં જ પ્રવેશ મેળવ્યો છે.

હિતના ભાઇજી મયુરભાઇ કે જેનું તાજેતરમાં ક્રિકેટ રમતા હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું. તેના બીજા જ દિવસે પેપર હતું. છતાં સ્વસ્થતા રાખી હિંમત કેળવી પરીક્ષા આપી અને ઉચ્ચ ગુણ મેળવ્યા છે. હિત શૈક્ષણિક ક્ષેત્રે આગળ વધે તેવી શુભેચ્છા.

# નીકી ભકોડીયાને SSCમાં 98.46 PR: આઇઆઇટીમાં ઉચ્ચ અભ્યાસ કરવો છે





ગોંડલ રોડ પર કીર્તિ મોલ્ડીંગ અને દીપ વુડનના નામથી વ્યવસાય ધરાવતા અને ૫-જુની પપૈયાવાડીમાં રહેતા દિપભાઇ ભકોડીયા અને આરતીબેન ભકોડીયાની પુત્રી નીકીએ એસએસસીમાં ૯૮.૪૬ પીઆર મેળવી અનેરી શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરીઅને સમાજમાં ગૌરવ વધાર્યું છે.


નીકીએ પ્રિન્સેસ સ્કુલમાં અભ્યાસ કરી આ સિદ્ધિ મેળવી છે. આગળના અભ્યાસ માટે એ-ગ્રુપ સાયન્સ સાથે મોદી સ્કુલમાં એડમીશન લીધું છે.

માતા-પિતા સાથે વિશ્વકર્મા વિશ્વ કાર્યાલયે આવેલ નીકીએ વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં એચએસસીમાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરી આઇઆઇટીમાં પ્રવેશ મેળવી કમ્પ્યુટર સાયન્સમાં ઉચ્ચ અભ્યાસ કરવાનું ધ્યેય હોવાનું જણાવ્યું હતું.

નીકી અભ્યાસની સાથોસાથ કુકીંગ અને સિંગીગનો શોખ પણ ધરાવે છે.

નીકી દિન પ્રતિદિન શિક્ષણમાં તેજસ્વીતા પ્રાપ્ત કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવારની શુભેચ્છા.

# મોરબીની ગોપી વઘાડીયાને 95.18 PR : ડોક્ટર બનવુ છે








મોરબીમાં સુથારી કામ કરતા અને નાની વાવડીમાં રહેતા અનિલભાઇ વઘાડીયા અને અરૂણાબેનની પુત્રી ગોપીએ મોરબીની સરદાર પટેલ કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૯૫.૧૮ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે. ગોપીની ઇચ્છા ડોકટર બનવાની છે અને આ માટે મોરબીની નેકસ્ટ હાઇસ્કુલમાં પ્રવેશ મેળવ્યો છે.

ગોપીની મોટીબેન વૈભવી વઘાડીયા પણ ઉચ્ચ શિક્ષિત છે. તેણીએ બી.એસસી. બી.એડ. કર્યું છે અને ખાનગી સ્કુલમાં નોકરી કરે છે અને સરકારી નોકરી મેળવવાની તૈયારી કરી રહી છે.

# જામનગરની વિશ્વા પરમારને SSCમાં 97.32 PR : પાયલોટ બનવુ છે






જામનગરમાં પંચેશ્વર ટાવર પાસે વિશ્વા એજ્યુ. એકેડમીના નામથી કમ્પ્યુટર કલાસીસ ચલાવતા અંકુરભાઇ પરમાર અને વિગ્નાબેન પરમારની પુત્રી વિશ્વા પરમારે એસએસસીમાં ૯૭.૩૨ પીઆર મેળવી જામનગર સમાજમાં પરિવારનું નામ રોશન કર્યું છે. વિશ્વા એરફોર્સમાં પાયલટ બનવા માંગે છે. આગળના અભ્યાસ માટે એરફોર્સ સ્કુલમાં પ્રવેશ મેળવવાની ઇચ્છા ધરાવે છે. વિશ્વાને સ્વીમીંગનો તથા યુટયુબ પર રીલ્સ બનાવવાનો પણ શોખ ધરાવે છે. સાથોસાથ જુડો કરાટેમાં પણ નિષ્ણાંત છે.

વિશ્વાના માતુશ્રી વિગ્નાબેન આર્ટસ ગ્રેજયુએટ છે અને વર્લ્ડ ઓફ ટાઇટનમાં રીલેશન ઓફીસર તરીકે ફરજ બજાવે છે.

અંકુરભાઇએ તેમના માતુશ્રી કંચનબેન ભરતભાઇ પરમારની સ્મૃતિમાં કે.વી. પરમાર એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટની શરૂઆત કરી છે. ટ્રસ્ટના માધ્યમથી સમાજના વિદ્યાર્થીઓ માટે વિનામુલ્યે કમ્પ્યુટર કલાસનું પણ આયોજન કરે છે. તાજેતરમાં જામનગરમાં આવો કેમ્પ કર્યો છે. તેઓ આ ક્ષેત્રમાં હજુ વધુ કાર્ય કરવાની મહેચ્છા ધરાવે છે.

# સોહમ ધ્રાંગધરિયાને SSCમાં 95.54 PR : કમ્પ્યુટર ઇજનેર બનશે






રાજકોટમાં કોઠારીયા રોડ પર ડો. જયમનભાઇ ઉપાધ્યાયની સામે 'મનિષ ઓટો'ના નામથી ઓટો ગેરેજ ધરાવતા મનિષભાઇ ધ્રાંગધરિયા અને સોનલબેનના પુત્ર સોહમે એસએસસીમાં ૯૫.૫૪ પીઆર મેળવવાની સિદ્ધિ મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે. સર્વોદય સ્કુલમાં અભ્યાસ કરી તેમણે આ સિદ્ધિ મેળવી છે. વિશ્વકર્મા વિશ્વ કાર્યાલયે આવી સોહમે ડીપ્લોમા કમ્પ્યુટર ઇજનેર થવાની ઇચ્છા વ્યકત કરી રાજકોટની એવીપીટી કોલેજમાં એડમીશન મેળવવાની શ્રદ્ધા વ્યકત કરી હતી.

મનિષભાઇ ઉચ્ચ શિક્ષિત નથી પરંતુ તે તેમના મોટા પુત્ર કેવલને બીસીએ / એમસીએનો અભ્યાસ કરાવી ચુકયા છે. કેવલ હાલ અમદાવાદની 'બોસટેક' નામની સોફ્ટવેર કંપનીમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે કાર્યરત છે. અને હવે સોહમને પણ ઇજનેર બનાવશે. સોહમ કમ્પ્યુટર ઇજનેરી ક્ષેત્રે તેજસ્વીતા પ્રાપ્ત કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવારની શુભેચ્છા.

# નીવ ખારેચાને SSCમાં 94.28 PR : સી.એ. બનવું છે





રાજકોટના મવડી પ્લોટમાં ટી.એલ. એન્જિનિયરીંગના નામથી કારખાનુ ધરાવતા અને ગોકુલધામ પાસે વૃંદાવન સોસાયટીમાં રહેતા અમિતભાઇ ખારેચા અને સ્વાતિબેન ખારેચાના પુત્ર નીવએ એસએસસીમાં ૯૪.૨૪ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે.

વિશ્વકર્મા વિશ્વ કાર્યાલયે આવેલ નીવએ ચાર્ટડ એકાઉન્ટ બનવાનું લક્ષ્ય હોવાનું જણાવ્યું હતું. આગળના અભ્યાસ માટે તેમણે પંચશીલ હાઇસ્કુલમાં જ પ્રવેશ મેળવી આગળનો અભ્યાસ શરૂ કર્યો છે. નીવને ક્રિકેટનો પણ શોખ છે. ચાર્ટડ એકાઉન્ટન્ટ બનવાનું નીવનું સ્વપ્ન સાકાર થાય તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા.

# મૈત્રી કનોજીયાને SSCમાં 94.70 PR : ડોકટર બનવુ છે



રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર લાભદીપ સોસાયટીમાં રહેતા અને ઇન્ટીરીયર ડીઝાઇનના વ્યવસાય સાથે જોડાયેલા જીજ્ઞેશભાઇ કનોજીયા અને હેમલતાબેનનો પુત્રી મૈત્રીએ અંગ્રેજી માધ્યમમાં એસએસસીમાં ૯૭.૪૦ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યુ છે.



મૈત્રીનું લક્ષ્ય ડોકટર બનવાનું છે. ડોકટર બનીને ન્યુરોસર્જન બનવાનું છે. આ માટે આગળનો અભ્યાસ કરવા મોદી સ્કુલમાં પ્રવેશ મેળવ્યો છે. મૈત્રી ફોટોગ્રાફીના શોખની સાથે ગાર્ડનીંગનો શોખ ધરાવે છે.

મૈત્રીના પિતા જાણીતા ઇન્ટીરીયર સુરેશભાઇ ભીલાની 'શાંતાયન' નામની ઇન્ટીરીયર ફર્મ સાથે વર્ષોથી જોડાયેલા છે. અને ઇન્ટીરીયરની પોતાની પ્રેકટીસ પણ કરી રહયા છે. મૈત્રી ડોકટર બનવાનું લક્ષ્ય સિદ્ધ કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા.

# જીયા વડગામાને SSCમાં 93.72 PR : ડોકટર બનવું છે




રાજકોટના ઢેબર રોડ પર ઘનશ્યામ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં વડગામા એન્જિનિયરીંગ અને વડગામા ડાઇ-કાસ્ટના નામથી ઓદ્યોગિક એકમ ધરાવતા અને ૫-નારાયણનગરમાં રહેતા તુષારભાઇ વડગામા અને કિર્તીબેન વડગામાની પુત્રી જીયાએ મોદી સ્કુલમાં અભ્યાસ કરીને એસએસસી બોર્ડમાં ૯૩.૭૨ મેળવવાની સિદ્ધિ હાંસલ કરી અને સમાજમાં ગૌરવ વધાર્યુ છે. વિશ્વકર્મા વિશ્વ કાર્યાલયે માતા-પિતા સાથે આવેલ જીયાએ ડોકટર બનવાનું લક્ષ્ય હોવાનું જણાવ્યું હતું. આગળના અભ્યાસ માટે મોદી સ્કુલમાં જ 'બી' ગ્રુપ સાથે રાખી ધો. ૧૧માં પ્રવેશ મેળવ્યો છે.




જીયાને ડ્રોઇંગનો પણ શોખ છે અને શાળાકીય સ્પર્ધામાં ઇનામો પણ મેળવ્યા છે. હેન્ડ રાઇટીંગમાં પણ જીયાએ નિપુણતા પ્રાપ્ત કરી છે અને સ્કુલમાં હેન્ડરાઇટીંગ સ્પર્ધામાં પણ તેમણે ફર્સ્ટ નંબર મેળવ્યો છે.

જીયા ડોકટર બનવાનું લક્ષ્યાંક સિદ્ધ કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા.

# અમદાવાદની ધ્વની સોનીગ્રાને SSCમાં 92.23 PR : ઇજનેર બનશે



અમદાવાદમાં બાવળામાં શ્રી રામ વુડન ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લી.ના નામથી આંતરરાષ્ટ્રીય કક્ષાનું ફર્નીચર બનાવતી પેઢીના વિશ્વાસ તુલસીદાસ સોનીગ્રા અને રીનાબેનની પુત્રી ધ્વનીએ અંગ્રેજી મીડિયમમાં એસએસસીની પરીક્ષા ત્રિપદા ઇન્ટરનેશનલ ઇંગ્લીશ સ્કુલમાંથી અભ્યાસ કરીને ૯૨.૨૩ પીઆર મેળવી સમાજમાં ગૌરવ વધાર્યુ છે.



રસોઇ અને વાંચનનો શોખ ધરાવતી ધ્વનીને ડીપ્લોમાં કમ્પ્યુટર ઇજનેર થવુ છે અને ડીપ્લોમા કર્યા પછી કમ્પ્યુટરમાં ઉચ્ચ ડીગ્રી મેળવી છે. ધ્વનીના માતા-પિતા ઉચ્ચ શિક્ષિત છે. ધ્વનીના પિતા વિશ્વાસ સોનીગ્રાએ બી.કોમ. કરવા ઉપરાંત ડીઝાઇનીંગનો તેમજ એક્સપોર્ટ-ઇમ્પોર્ટને લાગતો અભ્યાસ કર્યો છે. જે તેમને તેમના ફર્નીચરના આંતરરાષ્ટ્રીય વ્યવસાયમાં ખુબ જ ઉપયોગી થઇ રહયો છે. ધ્વનીના માતા રીનાબેન આર્ટસમાં ગ્રેજયુએટ છે.

# અમદાવાદના તિલક કંબોયાએ HSCમાં 97.56 PR મેળવ્યા




અમદાવાદમાં ઇસનપુર વિસ્તારમાં રહેતા અને ફર્નીચરના વ્યવસાય સાથે સંકડાયેલા અને મણીનગર વિશ્વકર્મા બાગમાં સહમંત્રી તરીકે સેવા કરતા રહેલા મનોજભાઇ કંબોયા અને રીંકુબેનના પુત્ર તિલકે એચએસસીમાં ૯૭.૫૬ પીઆર મેળવવાની સિદ્ધિ હાંસલ કરીને સમાજમાં ગૌરવ વધાર્યું છે. તિલકે ઉચ્ચ ગુણ મેળવતા સમાજના આગેવાનોએ પણ તેમને અભિનંદન આપ્યા છે.



તિલક હવે કમ્પ્યુટર સાયન્સમાં આગળ વધવા માંગે છે. તિલકને મશીનરીને લગતી ટેકનોલોજી અને કમ્પ્યુટરમાં રસ ધરાવે છે. સાયબર સિકયુરીટી નેટવર્ક વગેરે ક્ષેત્રમાં તે રસ અને રૂચી ધરાવે છે. તિલકના માતા રીન્કુબેન બી.એ. ગ્રેજ્યુએટ છે. તિલકની મોટીબહેન હાર્દી હાલ ફીઝીયોથેરાપીમાં ઉચ્ચ અભ્યાસ કરી રહી છે. તિલક શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તેવી 'વિશ્વકર્મા વિશ્વ' તરફથી હાર્દિક શુભેચ્છા.

# કાલાવડના નિશ્ચલ ખંભાયતા HSCમાં 95.63 PR : ઇજનેર બનવુ છે



જામનગર જીલ્લાના કાલાવડ ગામમાં ફર્નીચરના વ્યવસાય સાથે સંકળાયેલા દિલીપભાઇ ખંભાયતા અને મિતલબેનના પુત્ર નિશ્ચલે એચ.એસ.સી.માં સાયન્સમાં ૯૫.૬૩માં પીઆર મેળવી કાલાવડનું નામ સમાજમાં રોશન કર્યું છે.



નિશ્ચલે એચ.એસ.સી.નો અભ્યાસ રાજકોટની એસ.ઓ.એસ. સ્કુલમાં કર્યો છે. ઉચ્ચ માર્કસ મેળવ્યા બાદ હવે નિશ્ચલ કમ્પ્યુટર સાયન્સમાં ઇજનેર થવા માંગે છે.

નિશ્ચલ શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા.

# રાજકોટના હર્ષ ચુડાસમાને એમબીબીએસ ડોકટર થવું છે



રાજકોટના મવડી પ્લોટમાં રહેતા અને ફર્નીચરનો વ્યવસાય કરતા ભાવેશભાઇ ચુડાસમા અને અસ્મીતાબેનના પુત્ર હર્ષએ એચએસસીમાં ૯૬.૧૨ પીઆર મેળવી મેવાડા સમાજ નહીં સમગ્ર સમાજમાં નામ રોશન કરે છે. હર્ષ ચુડાસમાએ રાજકોટની વિરાણી હાઇસ્કુલમાં અભ્યાસ કરી આ સિદ્ધિ મેળવી છે.



હર્ષની ઇચ્છા એમબીબીએસ થઇ ડોકટર બનવાની છે. પરંતુ નીટની પરીક્ષામાં જરૂરી માર્ક કરતા ૬ માર્ક ઓછા આવ્યા હોય તે ફરીથી નીટની પરીક્ષા આપશે અનેઆ માટેની તૈયારી શરૂ કરી દીધી છે. હર્ષએ એચએસસી સાયન્સમાં ઉચ્ચ ગુણ મેળવતા સમાજના આગેવાનોએ તેમને અભિનંદન આપ્યા છે.


# સમાજના તેજસ્વી તારલાઓ...



ધન્વી નિલેશભાઇ અડીયેચા
(અમદાવાદ)
ધો. ૧ - ૯૬ %



રીયા નિલેશભાઇ ગજ્જર
(અમદાવાદ)
ધો. ૧ - ૯૭.૫૦ %



માહી મુકેશભાઇ સુથાર
(પાલનપુર)
ધો. ૧ - A



ઓમ અજયભાઇ
તલસાણિયા (રાજકોટ)
ધો. ૧ - A1



માહિર વી. ધોરાજીયા
(ધોરાજી)
ધો. ૧ - ૭૯.૯૦ %




નૈત્રી પરેશભાઇ ગૌતમી
(રાજકોટ)
ધો. ૧ - ૯૦.૮૬ %



ધન્વી યોગેશભાઇ
રાણપરીયા (રાજકોટ)
ધો. ૧ - A1




હેત મનિષભાઇ માંડવીયા
(રાજકોટ)
ધો. ૧ - A+



નિશિલ હિતેશભાઇ
બકરાણીયા (કેશોદ)
ધો. ૨ - ૯૧.૭૫ %



હેમાંશી જયદિપભાઇ
ગઢીયા (રાજકોટ)
ધો. ૨ - ૮૨.૭૫ %



જૈમિન કૌશિકભાઇ
ગઢીયા (રાજકોટ)
ધો. ૨ - ૮૦.૪૬ %




જેનિશા મનીષભાઇ ભોલા
(રાજકોટ)
ધો. ૨ - A2



મનિત વિજયભાઇ
તલસાણિયા (રાજકોટ)
ધો. ૨ - ૯૭.૯૦ %



વૃતિ ધર્મેશભાઇ
ગંગાજળીયા (નિકાવા)
ધો. ૨ - ૯૫.૧૨ %



પ્રશીલ આશિષભાઇ
સોનીગ્રા (રાજકોટ)
ધો. ૨ - ૯૯.૬૦ %




રક્ષીત અમિત ખારેચા
(રાજકોટ)
ધો. ૨ - ૯૫.૭૦ %



રીયા નિરવભાઇ ચુડાસમા
(રાજકોટ)
ધો. ૩ - ૯૭.૬૦ %



જશ કૌશિકભાઇ
પીપળીયા (રાજકોટ)
ધો. ૩ - ધો. ૯૨.૭૦ %




અપૂર્વ રાજેશભાઇ રાઠોડ
(મોરબી)
ધો. ૩ - ૯૪.૯૨ %



યાન્શી હાર્દિકભાઇ
સોંડાગર (રાજકોટ)
ધો. ૩ - ૯૩ %

# સમાજના તેજસ્વી તારલાઓ...



નીતિ કૃપેશભાઇ દુધૈયા
(જામનગર)
ધો. ૩ - ૯૨ %



મંતવ્ય વિશાલભાઇ
વાડોદરીયા (રાજકોટ)
ધો. ૩ - ૮૭ %



હેત્વી યોગેશભાઇ
માલવીયા (રાજકોટ)
ધો. ૩ - ૯૪.૧૪ %



યશ પ્રકાશભાઇ
વાડોદરીયા (રાજકોટ)
ધો. ૩ - A




કુંજન વિજયભાઇ
સોનીગ્રા (રાજકોટ)
ધો. ૩ - ૯૭.૮૩ %




પ્રિયાંશ તુષારભાઇ
બકરાણિયા (પોરબંદર)
ધો. ૩ - ૯૦.૮૩ %



વિર અમિતકુમાર ગઢિયા
(રાજકોટ)
ધો. ૩ - ૯૪.૫૦ %



રિતેશ અરવિંદભાઇ
વાડોદરીયા (રાજકોટ)
ધો. ૪ - ૯૬. ૩૩ %



હેત્વી જયદીપભાઇ
વાડોદરીયા (રાજકોટ)
ધો. ૪ - ૯૭.૨ %



દષ્ટિ હિતેશભાઇ
સોલગામા (રાજકોટ)
ધો. ૪ - ૯૭.૬૮ %



વ્રજ બિપીનભાઇ
ઉજેણીયા (રાજકોટ)
ધો. ૪ - ૯૮.૨૦ %




તન્મય અલ્પેશભાઇ
વાડોદરીયા (રાજકોટ)
ધો. ૪ - ૮૬.૨૧ %




દર્શિત મનિષભાઇ
ઉમરાળીયા (રાજકોટ)
ધો. ૪ - ૯૮ %



યાત્રી લલિતભાઇ
સોનીગ્રા (રાજકોટ)
ધો. ૪ - ૯૨.૩૩ %




વૃતિકા નિલેશભાઇ
રાણપરીયા (રાજકોટ)
ધો. ૪ - ૯૩.૨ %



જેનીલ તેજસભાઇ
અંબાસણા (રાજકોટ)
ધો. ૪ - ૯૧ %



શુભમ અશ્વિનભાઇ
દશાડીયા (કેશોદ)
ધો. ૪ - ૯૧.૩ %



ભવ્ય નિશાંતભાઇ
સંચાણિયા (જામનગર)
ધો. ૫ - ૯૨.૫૭ %



પ્રિયાંશી અનિલભાઇ
ભાડેશીયા (રાજકોટ)
ધો. ૫ - ૯૭.૬૭ %



શ્રીયા સંજયભાઇ
વાડોદરીયા (રાજકોટ)
ધો. ૫ - ૮૮.૪૦ %

# સમાજના તેજસ્વી તારલાઓ...



મીત અમિતકુમાર ગૌતમી
(રાજકોટ)
ધો. ૫ - ૯૬.૬૪ %




હર્ષ દિપેશભાઇ સાંકડેચા
(રાજકોટ)
ધો. ૫ - ૯૮ %



ધૈર્ય પ્રકાશભાઇ
વાડોદરીયા (રાજકોટ)
ધો. ૫ - A



ક્રિશા રવિભાઇ
રાણપરીયા (રાજકોટ)
ધો. ૫ - ૯૩.૪૯ %



ક્રિના રવિભાઇ
રાણપરીયા (રાજકોટ)
ધો. ૫ - ૯૧.૪ %



વૈભવી અજયભાઇ
તલસાણિયા (રાજકોટ)
ધો. ૫ - ૯૧.૬૦ %




અભય ગુંજનભાઇ
આહલપરા (રાજકોટ)
ધો. ૫ - ૯૦.૪૦ %



કાવ્યા પ્રમોદભાઇ
સાંકડેચા (રાજકોટ)
ધો. ૫ - ૯૧ %



હર્ષવધન રાજેશભાઇ
ચાંદલીયા (રાજકોટ)
ધો. ૬ - ૯૦ %



હર્ષ નરેન્દ્રભાઇ
વિશરોલીયા
ધો. ૬ - ૮૪ %




દ્રષ્ટિ નવિનકુમાર
વાડોદરીયા (રાજકોટ)
ધો. ૬ - ૯૨ %



યશ ભાવેશકુમાર
ધોરાજીયા (રાજકોટ)
ધો. ૭ - ૮૭.૪૩ %



જેનિશ નિલેશભાઇ
ગઢીયા (રાજકોટ)
ધો. ૭ - ૭૮.૫૭ %



કશ્યપ મનોજભાઇ
છત્રાલિયા (રાજકોટ)
ધો. ૭ - ૮૩.૮૬ %



વિવેક વિજયભાઇ
સોનીગ્રા (રાજકોટ)
ધો. ૭ - ૯૧.૮૬ %



પરીતા ગુંજનભાઇ
આહલપરા (રાજકોટ)
ધો. ૮ - ૯૮.૪૩ %




ખુશી યોગેશભાઇ
માલવીયા (રાજકોટ)
ધો. ૮ - ૮૨.૦૭ %



પ્રિયા વિરેનભાઇ મિસ્ત્રી
(રાજકોટ)
ધો. ૯ - ૮૯.૧૪ %



ફોરમ પ્રજ્ઞેશભાઇ
ચુડાસમા (રાજકોટ)
ધો. ૯ - ૮૧.૧૪ %



હની નીતિનભાઇ
જાદવાણી (રાજકોટ)
ધો. ૯ - ૯૭.૪૨ %

# સમાજના તેજસ્વી તારલાઓ...



સાંનિધ્ય મુકેશભાઇ
ચાંદલીયા (રાજકોટ)
ધો. ૯ - ૮૯.૪૩ %




નિધી રાજેશભાઇ
ચુડાસમા (રાજકોટ)
ધો. ૧૧ - ૯૦.૪૩ %




બંસી મુકેશભાઇ
ચાંદલીયા (રાજકોટ)
ધો. ૧૧ ૯૦.૪૦ %



ક્રિશ અશ્વિનભાઇ
સોંડાગર (રાજકોટ)
ધો. ૧૧ - ૯૪ %



પુજા હિતેષભાઇ
સોલગામા (રાજકોટ)
ધો. ૧૧ - ૯૭.૨૯ %



પરમ ધર્મેશભાઇ
જોલાપરા (મોરબી)
ધો. ૧૧ - ૮૭.૭ %



હસ્તી સંજયભાઇ
ચુડાસમા (રાજકોટ)
ધો. ૧૧ - ૮૦.૭૧ %

## જામનગરના હર્ષ વડગામાને ૮૦.૦૭ પીઆર : સી.એ. થવું છે



જામનગરમાં શંકર ટેકરી ઉદ્યોગમા જય અંબે એન્ટરપ્રાઇઝના નામથી કારખાનું ધરાવતા અને કનસુમરા પાટીયા પાસે મયુર એવન્યુમાં રહેતા ભાવેશભાઇ અને ભાવનાબેનના પુત્ર હર્ષએ એસએસસીમાં ૮૦.૦૭ પીઆર મેળવ્યા છે. પ્રણામી સ્કુલમાં અભ્યાસ કરી આવી સિદ્ધિ હાંસલ કરી છે. તેને એકાઉન્ટીંગમાં રસ અને રૂચી હોવાથી કોમર્સ લાઇન લઇને ૧૧માં ધોરણમાં પ્રણામી સ્કુલમાં જ પ્રવેશ મેળવ્યો છે. હર્ષના પિતા ભાવેશભાઇ ડાયાબીટીસ-૧વાળા બાળકો માટેના યોજાતા કેમ્પમાં સેવા આપી રહયા છે.

## વિશ્વકર્મા વિશ્વ

વિશ્વકર્મા પરિવારના વિદ્યાર્થીઓ આગળ વધી નામના મેળવે તેવી
**વિશ્વકર્મા વિશ્વ**
**તરફથી હાર્દિક શુભેચ્છા...**

## વિશ્વકર્મા વિશ્વ

આ શૈક્ષણિક વિશેષાંકમાં તેજસ્વી વિદ્યાર્થીઓ પોતાની વિગત મોકલી શકયા નથી તે ૨૫/૬ સુધીમાં મોકલી આપે. કોલેજના વિદ્યાર્થીઓ કે જેમણે ડિગ્રી મેળવી હોય તેવા વિદ્યાર્થીઓ પણ વિગત મોકલી આપે.



- તંત્રી

**સંપર્ક : પ્રવીણ ગજ્જર - મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫**

## ગુ.સુ. આયોજીત રાત્રી પ્રકાશ ટુર્નામેન્ટમાં

# વિશ્વકર્મા ઇલેવન ચેમ્પિયન

# કચ્છ ઇલેવન રનર્સઅપ

શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ દ્વારા તા. ૨૬-૪-૨૩ થી ૭-૫-૨૩ દરમ્યાન રાજકોટના કાઠીયાવાડ જીમખાના ખાતે યોજાયેલ દ્વિતિય રાત્રીપ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર-ગુજરાત મુંબઇથી આવેલ ૪૨ ટીમો વચ્ચેના રસપ્રદ મુકાબુલાના અંતે તા. ૬ના રોજ ૪ ટીમો વચ્ચે સેમીફાઇનલ મેચો રમાયા હતા. જેમાં અમદાવાદથી યુથ ફોરમ 'એ' સામે વિશ્વકર્મા કચ્છ વોરીયર્સ અને પોરબંદરની વિશ્વકર્મા ઇલેવન અને જામનગરની ન્યુ. સુપર ઇલેવનનો સમાવેશ થાય છે. જેમાં પોરબંદરની વિશ્વકર્મા ઇલેવન અને કચ્છની વિશ્વકર્મા કચ્છ વોરીયર્સ વિજેતા થતા તા. ૭ના રોજ આ બંને ટીમો વચ્ચે ફાઇનલ મુકાબલો થયો હતો.




ફાઇનલ મુકાબલો શરૂ થયો તેના પ્રારંભમાં બંને ટીમોની પરિચય વિધી કરાવવામાં આવી.

ફાઇનલ મેચ ભારે રસાકસી ભર્યો બન્યો હતો. રમતના અંતે વિશ્વકર્મા ઇલેવન કચ્છની ટીમને હરાવતા વિશ્વકર્મા ઇલેવન ચેમ્પિયન થઇ હતી અને કચ્છની ટીમ રનર્સ અપ થઇ હતી.

વિશ્વકર્મા ઇલેવને વિજયનો ફટકો મારતાની સાથે સૌ ખેલાડીઓ ઝુમી ઉઠયા હતા. મનોરંજન માટે સીદી બાદશાહની ટીમ છેલ્લા બે દિવસથી આવી હતી. જેની તમામ વ્યવસ્થા જગુભાઇ ભારદીયાએ કરી હતી. વિશ્વકર્મા ઇલેવન ચેમ્પિયન થતા સીદી બાદશાહોએ વિજેતા ટીમને ખંભે બેસાડી વિજયના વધામણા કર્યા હતા.

ચેમ્પિયન ટીમના કપ્તાન જીજ્ઞેશ સંચાણીયાને શ્રી અમૃતલાલ ભારદીયા (રવિ ટેકનોફોર્જ)ના હસ્તે ટ્રોફી એનાયત થઇ હતી. જયારે રનર્સઅપ ટીમના કપ્તાન હિતેષ ગજજરને કન્યા છાત્રાલયના પ્રમુખ ચેરમેન જગુભાઇ ભારદીયાના હસ્તે રનર્સઅપ ટ્રોફી અપાઇ હતી. બંને ટ્રોફી એનાયત સમયે પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા અને ટ્રસ્ટીઓ



સાથે રહયા હતા.

ટુર્નામેન્ટ દરમ્યાન મહિલાઓ વચ્ચે પણ મેચ રમાયો હતો. વિજેતા ટીમના કપ્તાન ડોલીબેન અને રીટાબેન તલસાણિયાને જયંતીભાઇ તલસાણિયાના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.



મેન ઓફ ધ મેચ સાગર અઘેરા, બેસ્ટ ફીલ્ડર હિતેષ ગરવલીયા, બેસ્ટ બોલર મિહિર ગજ્જર, બેસ્ટ બેટસમેન ભાવેશ મિસ્ત્રી તેમજ તમામ ખેલાડીઓને ઇનામો અપાયા હતા.

પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, ઉપાધ્યક્ષ જગદીશ સોંડાગર, ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા, મંત્રી પ્રદીપભાઇ કરગથરા, ખજાનચી અરવિંદ ત્રેટીયા, સહમંત્રી ગોરધન ચાંપાનેરા, ટ્રસ્ટી દિનેશભાઇ ખંભાયતા, વિનયભાઇ તલસાણિયા, મુકેશભાઇ ભાોડશીયા, સભ્યો હર્ષદભાઇ બકરાણિયા, કિશોરભાઇ અંબાસણા, દિલીપભાઇ પંચાસરા, શાંતિભાઇ સાંકેચ્યા, મિતેશભાઇ ધ્રાંગધરીયા, હરીભાઇ સીનરોજા, જનકભાઇ વડગામા, કિશોરભાઇ બોરાણીયા, કેતનભાઇ મહીધરીયા, ઘનશ્યામભાઇ દુદકીયા તેમજ ક્રિકેટ સંકલન આયોજન સમિતિના પ્રજેશભાઇ છનિયારા, જીજ્ઞેશ સંચાણિયા, પ્રતિક પંચાસરા, વિમલભાઇ આમરણીયા, ઉમેશભાઇ તલસાણિયા, રિતેશ ધ્રાંગધરીયા, સાગરભાઇ સુરેલીયા અને કિશોરભાઇ તલસાણિયા વગેરેના હસ્તે ઇનામો અપાયા હતા.

ફાઇનલ મેચમાં ધારાસભ્ય રમેશભાઇ ટીલાળા ઉપસ્થિત રહયા હતા. અને આયોજન બિરદાવ્યું હતું.

મેચ દરમ્યાન ભાજપના આગેવાનો વિવિધ શહેરના સમાજના આગેવાનો, જામનગરના દિલીપ ભારદીયા, અમદાવાદના રમેશભાઇ તલસાણિયા, ધર્મેન્દ્રભાઇ દેવળીયા, ધર્મેન્દ્રભાઇ ખંભાયતા, હિરેન મિસ્ત્રી, પરેશ સુથાર, હસમુખ પનારા, મુંબઇના બટુકભાઇ ભાોડશીયા, કિશોરભાઇ સિતાપરા,સહિતના આગેવાનો મેચ દરમ્યાન ઉપસ્થિત રહયા તા.

મેચ દરમ્યાન ખેલાડીઓ, મહેમાનો માટે દરરોજ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

ટુર્નામેન્ટ દરમ્યાન કાર્યક્રમનું સંચાલન નીતિનભાઇ બદ્રકિયાએ કર્યું હતું.

જ્ઞાતિ તેમજ સહયોગી સંસ્થાઓના આગેવાનોએ પણ ઉપસ્થિત રહીને આયોજન બિરદાવ્યું હતું.









# દેલવાડા ખાતે યોજાયુ અખિલ ગુજરાત મહાસંમેલન : કમિટી રચાઇ ન શકી

- પ્રવીણ ગજ્જર



## સંગઠનમાં સિલેકશન નહીં પરંતુ ઈલેકશન : રસીકભાઈ બદ્રકિયા

દેલવાડા ખાતે તા. ૧૦/૫ થી ૧૨/૫ દરમ્યાન શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા યોજાયેલ પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૧ના રોજ અખિલ ગુજરાત મહાઅધિવેશન-૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં અન્ય જ્ઞાતિના ગુજરાત કક્ષાના સંગઠન છે. પરંતુ ગુર્જર સુતાર સમાજનું ગુજરાત કક્ષાનું સંગઠન નથી. આવુ સંગઠન થાય તો રાજકીય અવાજ ઉભો થાય અને સમાજના વિકાસ કામોમાં પણ એકબીજાને ઉપયોગી થાય. ગુજરાતની સંસ્થાઓ પરિચીત થાય અને ઐકય ભાવ નિર્માણ થાય તેવા શુભ હેતુથી આ મહાઅધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. દેલવાડાના હોદ્દેદારો આગેવાનોની ચાર અલગ અલગ ટીમો બનાવી ગુજરાતભરના સમાજોને આમંત્રણ પત્ર આપવાની સાથે દરેક રજીસ્ટર્ડ સંસ્થાના પ્રમુખશ્રીઓને રૂબરૂ આ મહાઅધિવેશન અંગે વાકેફ કરવામાં આવ્યા હતા અને સાથોસાથ એકપત્ર અલગ અલગ સમાજના પ્રમુખોને આપવામાં આવેલ હતો આ પત્રમાં અધિવેશનમાં દરેક જીલ્લા લેવલની ભાઈઓની ૯ થી ૧૧ની કમિટી બનાવી તેમાંથી એક વ્યકિતને પ્રદેશ પ્રમુખનું સુકાન સોંપવું તેવો વિચાર વ્યકત કરવામાં આવ્યો હતો.

શ્રી વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ દેલવાડાના પ્રમુખ નરેશભાઈ એલ. મોડાસીયા(એડવોકેટ)ની સહી સાથે અપાયેલ આ પત્રમાં રજીસ્ટ્રેશન વાળી સંસ્થામાંથી જ એક વ્યકિતને જવાબદારી સોંપવાનો ઉદ્દેશ પણ જણાવાયો હતો. ૧૧મીએ મળેલા સંમેલનમાં તમામ સંસ્થાકીય પ્રમુખો પોતાની વાત રજુ કરી શકે તે માટેની સુંદર-સરકારી મિટીંગોમાં હોય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી અને દરેક પ્રમુખ પોતાના વિચારો રજુ કરે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી.

સંમેલનના પ્રારંભમાં યજમાનો દ્વારા દરેક સંસ્થાના પ્રમુખો-હોદ્દેદારોનું સન્માન કરવામાં આવ્યા બાદ અલગ અલગ વિસ્તારમાંથી આવેલા પ્રમુખોએ સંગઠન અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા.

અમદાવાદના પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયાએ પ્રાસંગીક ઉદબોધનમાં સમાજમાં સોરઠીયા અને મજોગઢીયાના જે વાડા છે તે ત્વરીત દુર કરવાની જરૂરીયાત હોવાનું જણાવી કહયુ કે આવા વાડા દુર જશે તો જ વિશ્વકર્મા સમાજ એક થઇ શકશે. તેમણે વાડા દુર કરી એક મંચ પર આવવા જણાવ્યું હતું. સાથોસાથ શિક્ષણની જરૂરીયાત પર તેમણે ભાર મુકયો હતો.

રાજકોટના પ્રગતિ મંડળના પ્રમુખ રમણીકભાઇ પાટણવાડિયાએ છેવાડાના ગામ એવા દેલવાડામાં આવુ સંમેલન યોજી બધા પ્રમુખોને લાઇનસર બેસાડવા બદલ દેલવાડાની ટીમને અભિનંદન





# સોરઠીયા-મજોગઢીયાના વાડા દુર થવા જરૂરી : ધર્મેન્દ્ર દેવળીયા

આપી કહયુ કે, હું કરું હું કરુંની ભાવના દુર કરીને આપણે સૌ અને અમે સૌની ભાવના કેળવવી જોઇએ. તેમણે જીલ્લાવાર અને તાલુકાવાર પ્રતિનિધત્વ ઉભુ કરવાની પણ હિમાયત કરી હતી. અને પ્રદેશવાદ નાબુદ કરવાની અને બધાને એક તાંતણે બાંધવાની જરૂર છે.

અમરેલીના પ્રમુખ અરૂણભાઇ આદ્રેજાએ બધાના સલાહ સુચનો લઇ આગળ વધવાનો મત વ્યકત કર્યો હતો.

અમદાવાદના પરેશભાઇ છનિયારાએ આયોજનને બિરદાવી કહયુ કે, સંગઠનની આ સારી શરૂઆત છે.

તેમણે આજે ૫૦ ટકા પણ હાજર નથી રહી શકયા.

ત્યારે રાજકોટ-અમદાવાદ જેવા શહેરમાં ફરી સંમેલન બોલાવી આગળ વધવું જોઇએ. તેમણે જીલ્લા-તાલુકા કક્ષાની એડવાઇઝરી કમિટી બનાવવાનો મત વ્યકત કર્યો હતો. સાથોસાથ શામ-દામ-દંડ-ભેટથી કામ લઇ શકે તેવુ નેતૃત્વ જરૂરી હોવાનું તેમણે આગળની મિટીંગ્ની આજે જ જાહેરાત કરવી જોઇએ. તેવો અભિપ્રાય પણ આપ્યો હતો.

અમદાવાદના હિરેન મિસ્ત્રીએ નારી સશકિતકરણ જરૂરી હોવાનું જણાવ્યું તું.


જુનાગઢના પ્રમુખ રાજુભાઇ મિસ્ત્રીએ આયોજન બદલ આયોજક ટીમને અભિનંદન આપ્યા હતા. સંગઠનના પ્રથમ સોપાનને બિરદાવી રાજકોટ-અમદાવાદ સંમેલન બોલાવવા સુચન કર્યુ હતૂ. તેમણે સમાજમાં પ્રવર્તતી ટાંટીયા ખેંચ દુર કરવાની જરૂરીયાત પર ભાર મુકયો હતો. સોરઠીયા-મજોગઢીયાના વાડા દુર કરી વેવિશાળના સંબંધો આગળ વધવાનું જણાવ્યું હતું.

અમદાવાદના મણીનગરના પ્રમુખ નરેન્દ્રભાઇ સંચાણિયાએ આવા કાર્યક્રમમાં સ્થાનિક કોર્પોરેટરો ધારાસભ્યોને પણ બોલાવવા જોઇએ તેમ જણાવી સંગઠન નીચેના સ્તર સુધી પહોંચે તેવુ કરવાની પણ હિમાયત કરી હતી.

શિહોરના મનસુખભાઇ કનોજીયાએ સૌનો સાથ-સૌનો વિકાસ - સૌનો વિશ્વાસએ સુત્રને સાર્થક કરવા અને ગામડા શહેરની કમિટી બનાવવી જોઇએ તેમ જણાવ્યું છે. સુરેન્દ્રનગરના દિનેશભાઇ ગજજરે કહયુ કે સમય સાથ સેવા અને સંપત્તિ આ ચાર સંગઠનના પાયા છે. આ પાયા મજબુત હોય તો જ સંગઠન શકય બને તેમ જણાવી નીતીઓ ખાનગીમાં ઘડવી જોઇએ પટેલ કે અન્ય સમાજ ખાનગીમાં જ નીતિ ઘડે છે.

રાજકોટ કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયાએ આયોજકોની વ્યવસ્થા બિરદાવી કહયુ કે, મહાસંમેલન જેવા કાર્યક્રમમાં અમારો ભારદીયા પરિવાર સાથે જ રહેશે.

રાજકોટના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ આયોજનને બિરદાવી કહયુ કે, સંગઠન માટે ૩૩ જીલ્લા અને ૨૫૨ તાલુકામાં જવુ પડશે. સંગઠન માટે સમાજની કમિટીને સાથે લેવી પડશે. જીલ્લા અને તાલુકાને જવાબદારી સોંપવી પડશે. આજે ૧૨ જીલ્લાના પ્રમુખો આવ્યા છે. ૫૦ ટકાથી વધુ આવવા જોઇએ. તેમણે કામ કરવું હોય તેવાને જ આગળ આવવુ જોઇએ તેમ કહી નામ જોઇતુ હોય તેમણે આગળ ન આવવું જોઇએ.





# હું કરું હું કરું નહીં પણ આપણે કરીએ એની ભાવના કેળવો : રમણીક પાટણવાડિયા





રસીકભાઇ કહયુ કે, આવા સંમેલનો માટે દાતા પણ જોઇશે અને પ્રમુખોએ પણ પૈસા કાઢવા જોઇશે. તેમણે આગામી સંમેલન રાજકોટમાં બોલાવવાની તૈયારી બતાવી આ માટે જગુભાઇ ભારદીયા અને રમેશભાઇ તલસાણિયા આર્થિક સહયોગ આપવા તૈયાર હોવાનું જણાવ્યું હતું. અને કારોબારી સાથે ચર્ચા કરી સંમેલનની તારીખ જાહેર કરાશે તેમ જણાવ્યું હતું.

આ તકે મંત્રી પ્રવીણભાઇ મોડાસીયાએ કહયુ કે, અમે મંથન કરી રીપોર્ટ તૈયાર કર્યા બાદ પડધરી-મવૈયા-વાંકાનેરને બાદ કરતા તમામ સંસ્થાઓ જે રજીસ્ટર્ડ છે તેને રૂબરૂ આમંત્રણ આપી અધિવેશન અંગે માહિતગાર કર્યા હતા અને લેખિત પત્ર પણ સુપરત કર્યો હતો.

પ્રવીણભાઇ મોડાસીયાએ કહયુ કે, અમારો વિચાર છે કે, આજે એક હંમગામી કમિટી બને અને આ કમિટી આગળની કાર્યવાહી કરે.

આ તકે રસીકભાઇ બદ્રકિયાએ કહયું કે, સંગઠનનું કામ નાનુ નથી. તમામ-જીલ્લા તાલુકામાં જવુ પડશે.

આજે કમિટીના નામ જાહેર ન થઇ શકે. આ માટે સિલેકશન નહીં પણ ઇલેકશન કરવું જોઇએ. જેમાં જીલ્લાના પ્રમુખો મતદાન કરે. તેમણે કહયુ કે મેં ૨૪ વર્ષ સંગઠનમાં ગાળ્યા છે. એટલે મને ખબર છે કે સંગઠનનું કામ કેટલું અઘરું છે.

પરેશભાઇ છનિયારાએ પણ કહયુ કે ઘણા પ્રમુખો આવ્યા નથી. પ્રમુખ નકકી કરવા સમય આપવો જોઇએ. પ્રમુખ સમજી વિચારીને કરવા જોઇએ.

ધર્મેન્દ્ર દેવળીયાએ આ તકે કહયુ કે, કોઇકે તો કામ સંભાળવુ પડશે. ૨૦ થી ૨૫ની ટીમ બને તો સંગઠનની આગળની કામગીરી થઇ શકે.

રસીકભાઇ બદ્રકિયાએ જીલ્લાને જવાબદારી સોંપવાનું કહી રાજકોટ જીલ્લાની જવાબદારી સ્વીકારવા તૈયારી બતાવવાની સાથોસાથ સંગઠન માટે પૈસાની પણ જરૂરત પડે તેમ કહી કહયુ કે, પ્રમુખોએ પોતે જ ફંડ કાઢવુ જોઇએ.

પ્રમુખ નરેશભાઇએ કહયુ હતુ કે, અમો યજમાનોને એવી અપેક્ષા છે કે આ અધિવેશન એક પ્લેટફોર્મ પુરૂ પાડે. સંગઠન એ જ અમારી ભાવના છે.

આમ હંગામી કમિટીના મુદ્દે શાબ્દીક વિવાદ થયા બાદ જીલ્લાઓને જવાબદારી સોંપવાનું નકકી કરાયું. પરંતુ આ સંગઠનના નોટીંગમાં સહી થવી જોઇએ. તે સમયે પ્રમુખો વિખરાવા લાગ્યા હતા.

આ સંમેલનમાં સંગઠન અંગે કોઇ કમિટીની રચના થઇ ન શકી. પરંતુ આયોજકોએ સંગઠન માટે જે પ્રયાસ કર્યો છે તે સોનેરી અક્ષરે લખાશે.







# દેલવાડામાં યોજાયો ત્રિદિવસીય અનેરો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ





શ્રી વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ દેલવાડા અને દિવ, દેલવાડા, ઉના, જાફરાબાદ, રાજુલા પ્રાંત દ્વારા તા. ૧૦ થી ૧૨ દરમ્યાન દેલવાડા ખાતે પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી થઇ હતી. જેમાં સૌરાષ્ટ્ર-ગુજરાત-મુંબઇ સહિતના સંસ્થાઓના હોદ્દેદારો-આગેવાનો-દાતાશ્રીઓ વગેરે મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા.

તા. ૧૦ના રોજ મહોત્સવના પ્રથમ દિવસે હેમાદ્રી, દેહ શુદ્ધિ, અગ્નિ પરીક્ષા, ગ્રહ હોય જલાધિવાસ અને સંધ્યા આરતી થઇ હતી. તા. ૧૧ના રોજ રાંદલના લોટા તેડવામાં આવ્યા હતા. સવારે પ્રાતઃપુજા બાદ સ્પપન વિધિ, સે. રાજોપ્રચાર પુજા ધાન્યાધિવાસ બાદ સંધ્યા આરતી થઇ હતી. તા. ૧૨ના રોજ પુર્ણાહુતિના દિવસે પ્રાતઃ પુજા બાદમાં શિખર પ્રતિષ્ઠા કરવામાં આવ્યા બાદ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. બપોરે યજ્ઞ પુર્ણાહુતિ કરવામાં આવી હતી.

મહોત્સવના પ્રારંભમાં વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. સુર્યમુખી હનુમાનેથી શરૂ થયેલ શોભાયાત્રા શ્રી વિશ્વકર્મા મંદિર દેલવાડા ખાતે પુર્ણ થઇ આ દરમ્યાન શોભાયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી. શોભાયાત્રામાં સમગ્ર વિશ્વકર્મા વંશજોએ ભાગ લીધો. કારીગરો અને વેપારીઓએ બંધ પાડી જાહેર રજા કરીઅને સહયોગ આપ્યો હતો.

આ ઐતિહાસિક ઉત્સવમાં મહાયજ્ઞમાં મુખ્ય યજમાનો તરીકે ભાવેશભાઇ એ. ખંભાયતા (ઉના), સુનીલભાઇ છોટુભાઇ વઢવાણા (સોમનાથ), હરેશભાઇ મણીભાઇ વઢવાણા (જાફરાબાદ), મુકેશભાઇ નાનુભાઇ ખંભાયતા (ઉના), રમણીકભાઇ લક્ષ્મણભાઇ વીસનગરા (દિવ) બિરાજમાન થયા હતા અને આ યજમાનોના હસ્તે જ પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

મંદિરમાં કળશ અને ધ્વજા ચડાવવાની ઉછામણી કરવામાં આવી હતી. જેમાં સૌથી ઉંચી બોલી બંને થઇને ૩ લાખ બે હજાર ગં.સ્વ. પુષ્પાબેન બાલુભાઇ વિસનગરાએ બોલી હતી અને તેમના હસ્તે જ ધ્વજા અને કળશ ચડાવવામાં આવ્યા હતા. પુષ્પાબેને મંદિરના જીર્ણોદ્ધાર માટે પણ ૫,૫૧,૦૦૦ રૂા.નું અનુદાન આપ્યું છે.

ત્રણેય દિવસ દરમ્યાન ચા, શરબત, ભોજન અને નાસ્તાના સ્પોન્સર ભાવેશભાઇ એમ. મોડસીયા (અમદાવાદ), અંજારના વઢવાણા પરિવાર, સ્વ. ચીમનભાઇ બાઉભાઇ કનોજીયા, રમેશભાઇ વઢવાણા (મુંબઇ), પાર્થભાઇ મોડાસીયા, ઝાલેરા પરિવાર, રમણીકભાઇ એલ. વિસનગરા(બુચરવાસ), જયસુખભાઇ એમ. મોડાસીયા (અમદાવાદ) અને મહાપ્રસાદના દાતા મહેન્દ્રભાઇ મકનભાઇ ધારૈયા (અમદાવાદ) રહયા હતા.

મહોત્સવમાં આર્થિક સહયોગ આપનાર દાતાઓ, વેપારીઓ, પ્રતિનિધિઓ વગેરેનું મહાનુભાવોના હસ્તે સન્માન કરાયું હતું. ૬૭ જેટલા ભાઇઓ અને ૩૭ જેટલા મહિલા કાર્યકરોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

તા. ૧૦ના રોજ દેલવાડાની સંઘવી સ્કુલમાં અમદાવાદના હંસાબેન ગજ્જર અને શ્રી ઋષિ દવે દ્વારા ભજન સંધ્યા થઇ હતી. અને તા. ૧૧ના રોજ સુરેન્દ્રનગરના દિનેશભાઇ ગજ્જરનું સર્જનહારનું સ્વરૂપ નાટક રજુ કરવામાં આવ્યું હતું. મંત્રી પ્રવીણભાઇ મોડાસીયાએ જણાવ્યું હતું કે, આ મહોત્સવ માટેનું જબરદસ્ત આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્સવ પહેલા ૩ મહિનાની તૈયારી કરવામાં આવી હતી. હોદ્દેદારો અને આગેવાનોની ચાર ટીમ બનાવવામાં આવી હતી. આ ટીમે ગુજરાતભરમાં આવેલ રજીસ્ટર્ડ સંસ્થાઓના પ્રમુખોને રૂબરૂ આમંત્રણ આપ્યા હતા. પડધરી-વાંકાનેરમાં રૂબરૂ ન પહોંચી શકતા ટેલીફોનીકનું આમંત્રણ આપ્યું હતું.

દેલવાડામાં યોજાયેલ આ મહોત્સવ કાયમી યાદ રહે તેવો અને સુવર્ણ અક્ષરે લખાય તેવો બની રહયો.

સમગ્ર આયોજન માટે પ્રમુખ નરેશભાઇ મોડાસીયા, ઉપપ્રમુખ મહેશભાઇ વઢવાણા, મંત્રી પ્રવીણભાઇ મોડાસીયા, ખજાનચી યોગેશભાઇ વીશનગરા, સંયોજક દિનેશભાઇ કળશાળા, સંયોજક દિનેશભાઇ ધારૈયા ઉપરાંત ૧૦૦ જેટલા કાર્યકર ભાઇ-બહેનોએ પરિશ્રમની પરાકાષ્ટા સર્જી હતી.

# સિહોરમાં વિશ્વકર્મા વાટીકાનું નિર્માણ થશે : શ્રી અમૃતલાલ ભારદીયા દ્વારા રૂા. ૧૫ લાખનું અનુદાન





- પ્રવીણ ગજ્જર

## ૪૦૦ વારની જગ્યા પર શ્રી રવિકુમાર ભારદીયા હોલ બનશે

ભાવનગર જીલ્લાના સિહોર તાલુકા સમસ્ત ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ દ્વારા અત્યાર સુધી વિશ્વકર્મા જયંતી કે ઇનામ વિતરણ જેવા થતા સમારંભ માટે હનુમાનજી દ્વારા ટ્રસ્ટના હોલનો ઉપયોગ થતો જે ટ્રસ્ટ દ્વારા વિનામુલ્યે સમાજને મળતો પરંતુ હવે આવતા દિવસોમાં આવા કાર્યક્રમો માટે આ હોલ માટે જવુ નહીં પડે કારણ કે સમાજ દ્વારા સ્વામીનારાયણ મંદિર પાસે ખરીદાયેલ ૪૦૦ વાર જગ્યા પર વિશાળ 'વિશ્વકર્મા વાટીકા'નું અંદાજે ૩૦ લાખના ખર્ચે નિર્માણ કરવાની જાહેરાત તાજેતરમાં સમાજ દ્વારા સમાજે લીધેલ જગ્યા પર સ્નેહમિલન સમારોહમાં થઇ હતી. આ વિશ્વકર્મા વાટીકામાં સુવિધાસભર હોલ તૈયાર કરવા શ્રી રવિકુમાર ભારદીયાની સ્મૃતિમાં શ્રી રવિકુમાર ભારદીયા હોલ બનાવવા રૂા. ૧૫ લાખના અનુદાનની જાહેરાત સ્નેહમિલનમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રવિ ટેકનોફોર્જ પ્રા.લી.ના એમ.ડી. શ્રી અમૃતલાલ ભારદીયાએ કરી હતી. ટુંક સમયમાં વિશ્વકર્મા વાટીકાનું નિર્માણ હાથ ધરાશે. ૨૫ × ૫૦ ફૂટના શ્રી રવિકુમાર ભારદીયા હોલ ઉપરાંત વિશ્વકર્મા દાદાનો પુજારૂમ, ઓફીસ, રસોડુ, લેડીઝ અને જેન્ટસ ટોયલેટ બાથરૂમની સુવિધા સાથેનું વિશ્વકર્મા વાટીકા સંકુલ તૈયાર થઇ જતા સિહોર અને આજુબાજુના વિસ્તાર માટે અનેરી સુવિધા ઉભી થશે અને આવક ઉભી થશે.




### હું દાન કરતો નથી સમાજને સહકાર આપું છું : શ્રી અમૃતલાલ ભારદીયા

તાજેતરમાં સિહોર તાલુકા સમસ્ત ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ સિહોર દ્વારા યોજાયેલ સન્માન સમારંભના પ્રારંભ પહેલા મુખ્ય મહેમાન અમૃતલાલ ભારદીયા, જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિના ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયા, રાજકોટ કન્યા છાત્રાલયના મગનભાઇ બોરાણીયા, વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણભાઇ ગજ્જરનું નાની બાળાઓ દ્વારા કુમકુમ તિલક કરીને, સ્વાગત કરવામાં આવ્યું હતું. અન્ય મહેમાનો અને સમાજના હોદ્દેદારોનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યા બાદ બંસીકા વડગામાએ કથ્થક નૃત્ય દ્વારા સ્તુતિ રજુ કરીને સૌની વાહ મેળવી હતી. બાદમાં શ્રી અમૃતલાલ ભારદીયાનું ફુલહારથી સન્માન પ્રમુખ હર્ષદભાઇ ધ્રાંગધરીયા, ઉપપ્રમુખ જગદીશભાઇ, ખજાનચી બાબુભાઇ, મહામંત્રી મનસુખભાઇ કનોજીયા, સહમંત્રી મનિષભાઇ અને મુકેશભાઇના હસ્તે કરવામાં આવ્યું હતું.

અમદાવાદથી આવેલ સૌ.ગુ.સુ. સમાજ ગીતા મંદિરના પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયા, અમદાવાદના ઉદ્યોગપતિ ઘનશ્યામભાઇ વણોદીયાનું યુવા કમિટી દ્વારા સન્માન કરાયું હતું. અન્ય મહાનુભાવો હોદ્દેદારોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જમીનના













# શ્રી અમૃતલાલ ભારદીયા સમગ્ર સમાજને અનુદાન આપે છે : દિલીપ ભારદીયા

દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

સંસ્થાના મહામંત્રી મનસુખભાઇ કનોજીયાએ સ્વાગત પ્રવચનમાં સંસ્થાની માહિતી આપીને ગામ-પરગામથી ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરી. સિહોરને આંગણે આ દિવસ સુવર્ણદિન સમો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ પ્રાસંગિક પ્રવચનો થયા હતા.

અમદાવાદના પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઇ દેવળીયાએ માત્ર ૩૦ ઘર અને ૧૫૦ જેવી વસ્તી ધરાવતા સિહોરમાં સમાજની વાડીનું નિર્માણએ આનંદની વાત હોવાનું જણાવી કહયુ કે, સમાજના વિકાસનો આધાર શિક્ષણ પર છે. શિક્ષીતથી જ સમાજનો વિકાસ થાય છે. તેમણે યુવાનોને સમાજના કામમાં આગળ આવવાની હાકલ કરીને સમાજને સંગઠીત બનાવવા સૌએ આગળ આવવાની હિમાયત કરી હતી.

શ્રી વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ દેલવાડાના મંત્રી પ્રવીણભાઇ મોડાસીયાએ તાલુકા-જીલ્લા કક્ષાએ સમાજમાં સમરસતા કેળવાય અને સમાજ સંગઠીત બને તે માટે સૌએ કમર કસવી જોઇએ તેમ જણાવ્યું હતુ.



## સમાજના વિકાસ માટે શિક્ષણ જરૂરી : ધર્મેન્દ્ર દેવળીયા

જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિના ટ્રસ્ટી દિલીપ ભારદીયાએ પ્રાસંગીક ઉદબોધનમાં નાના એવા સિહોરમાં વિશ્વકર્મા વાટીકાનું નિર્માણ કરવા બદલ પ્રમુખ અને તેની ટીમને અભિનંદન આપ્યા.

અમૃતલાલ ભારદીયા દ્વારા સમાજને અપાતા યોગદાન અંગે તેમણે કહયુ કે આપણા સમાજમાં તો તેઓ અનુદાન આપે જ છે. પરંતુ અન્ય સમાજમાં તેમનું અમુલ્ય યોગદાન છે. ઉપલેટામાં દિવ્યાંગ બાળકો માટેની સંસ્થા ઉભી કરવા તેમણે ૩૫ લાખનું અનુદાન આપ્યું છે. રાજકોટની બહેરા-મુંગા શાળાને પણ ૫૧ લાખનું અનુદાનઆપ્યું છે. દર વર્ષે તેઓ શિક્ષણ માટે ૧૦ થી ૧૫ લાખનું અનુદાન આપે છે. સુથાર સમાજમાં નાના શહેરમાં પણ સમાજ ઉભો કરવા અનુદાન આપે છે. તેઓ વાવેતર કરે છે અને પરિણામે સંસ્થાને કાયમી આવક થાય છે. રવિ ભારદીયાની સ્મૃતિમાં તેમણે કરોડોનું દાન આપ્યું છે.

મુખ્ય મહેમાન પદેથી શ્રી અમૃતલાલ ભારદીયાએ કહયું કે હું કોઇ દાન કરતો નથી પરંતુ સહકાર આપું છું. નાના એવા સિહોરમાં વિશ્વકર્મા વાટીકાનું નિર્માણ થતા આજુબાજુના ગામોને પણ લાભ થશે. તેમ જણાવી તેમણે વિશ્વકર્મા વાટીકામાં શ્રી રવિકુમાર ભારદીયા હોલ માટે ૧૫ લાખના અનુદાનની જાહેરાત કરી હતી.

શ્રી અમૃતલાલ ભારદીયાએ કહયુ કે સમાજમાં કુટુંબ પ્રેમ જરૂરી હોવાનું કહી ઘરને મંદિર સાથે સરખાવી મા-બાપની પુજાથી મોટી પુજા નથી તેમ જણાવી કહયુ કે અમે રામાયણના ભાઇઓ છીએ. અમારા ભાઇઓમાં જે સંપ છે તે દૃષ્ટાંતરૂપ હોવા જણાવી તેમણે કહયુ કે મારી માતા પણ મને રામ કહેતા.

તેમણે પોતાના જીવન સંઘર્ષની વાત કરી ગામડામાં ૩ રૂ.થી નોકરીની શરૂઆત કરી ત્યારથી આજ સુધીનો વિકાસ કેવી હિંમતથી કર્યો તેની વિસ્તૃત વાત કરી હતી. તેમણે કહયુ કે મારા પિતા મને શેખચલ્લી કહેતા પણ આ શેખચલ્લીએ બતાવી આપ્યુ છે કે સમાજને કેમ મદદરૂપ થવું મને બીજો જન્મ મળે તો સુતાર જ્ઞાતિમાં જ માંગુ તેમ કહીને કહયુ કે, સુતાર જ્ઞાતિ જેવી જ્ઞાતિ નથી તેમ કહી કહયુ કે, સુતાર કદી હાથ લાંબો નહીં કરે જ્ઞાતિના વૃદ્ધાશ્રમો પણ નથી. આપણા લોકો મા-બાપને સાચવે છે તે મોટી વાત છે. આપણા સમાજમાં ગરીબી પણ નથી તેમ પણ તેમણે જણાવ્યું હતું.

તેમણે વિદ્યાર્થીઓને તેના મન પ્રમાણે આગળ વધવા દેવા જોઇએ તેમ જણાવી હિંમતઅને મહેનતથી આગળ કેમ વધાય છે. તેનો દાખલો આપી કહયુ કે, મે ૩ રૂ.ના પગારથી કામ શરૂ કયું આજે મારી ફેકટરીનું ટર્નઓવર ૫૦૦ કરોડે પહોંચીજશે. ૧૨૦૦ માણસોને રોજીરોટી આપું છું.

શ્રી અમૃતલાલ ભારદીયાએ સિહોર તાલુકાના આગેવાનોની પ્રસંશા કરી હતી અને અવારનવાર સિહોર આવશે તેમ જણાવ્યું હતું.

પ્રમુખ હર્ષદભાઇએ કાર્યક્રમના સમાપનમાં સમાજને ૧૫ લાખનું અનુદાન આપવા બદલ શ્રી અમૃતલાલ ભારદીયા પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી. કાર્યક્રમનું સંચાલન મનસુખભાઇ કનોજીયા અને યુવા કમિટીના ભાવેશભાઇએ કર્યું હતું. આયોજન સફળ બનાવવા યુવા કમિટીના દરેક સભ્યો હોદેદારોએ જહેમત ઉઠાવી હતી.

આભાર દર્શન મનસુખભાઇ કનોજીયાએ કર્યું હતું.

# રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળમાં યોજાયો ખેલકુદ અને લલીતકલા ઉત્સવ










શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે '૪૭માં ખેલકુદ અને લલિતકલા ઉત્સવ'નું તા. ૨૩ થી ૨૫ મે-૨૦૨૩ દરમ્યાન આયોજન કરવામાં આવેલ હતું. આ ઉત્સવમાં ગુર્જર સુતારના વિદ્યાર્થીઓ ભાઇ-બહેનો અને નાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.

તા. ૨૩/૫ના રોજ ચેસ અને કેરમ ટુર્નામેન્ટ યોજાય હતી. આ દિવસના સ્પોન્સર અને મુખ્ય મહેમાનપદે ન્યુ સુપર એન્જિનિયર્સવાળા પ્રાણભાઇ દેવરાજભાઇ વાલંભીયા ઉપસ્થિત રહેલ હતા. ચેસમાં પ્રથમ સ્મિત હરેશભાઇ વેકરીયા, દ્વિતિય-કેનીલ ભાવનાબેન પંચાસરા, તૃતિય-વિરેન રાકેશભાઇ પંચાસરા વિજેતા થયેલ. જયારે કેરમ ટુર્નામેન્ટસ પ્રથમ સ્મિત હરેશભાઇ વેકરીયા, દ્વિતીય જય ચંદ્રેશભાઇ ભાડેશીયા અને તૃતીય કુશલ સમીરભાઇ ખંભાયતા વિજેતા થયેલ હતા.

તા. ૨૪/૫ના રોજ 'મેદાનની રમતો' યોજાય ગયેલ જેમાં ૫૦ અને ૧૦૦ મીટર દોડ, પોટેટો રેસ, કોથળા રેસ, લીંબુ ચમચી રેસ, વોટર ઇન બોટલ, મ્યુઝીકલ ચેર, ફુગ્ગા ફોડ, દોરડા કુદ, ટ્રાયસીકલ રેસ, લોટ ફુંક તથા પરિણીત બહેનો માટે 'મેમરી કવીઝ' જેવી ૨૦ રમતો રમાડવામાં આવેલ. સવારે સેમીફાઇનલ અને સાંજે ફાઇનલ રમતો રમાડવામાં આવેલ. આ દિવસના સ્પોન્સર અને મુખ્ય મહેમાનપદે રૂપકલા એન્જિનિયર્સવાળા મહેન્દ્રભાઇ ત્રિભોવનભાઇ પંચાસરા અને સ્વસ્તીક ટુલ્સ એન્ડ હાર્ડવેરવાળા મહેશભાઇ જીવનભાઇ અંબાસણા ઉપસ્થિત રહી બાળકોને ઇનામ તેમના હસ્તે આપવામાં આવેલ હતા. દરેક રમતનાં પ્રથમ ત્રણ વિજેતાને સ્ટેજ પરથી અને ૪ થી ૬ ક્રમના વિજેતાને આશ્વાસન ઇનામ આપવામાં આવેલ હતા.

તા. ૨૫/૫ના રોજ 'સાંસ્કૃતિક અને મનોરંજન' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નાના બાળકોની વેશભૂષા, સ્પીચ, સંગીતવાદન, સીંગલ ડાન્સ, દેશભકિત ડાન્સ, શાસ્ત્રીય નૃત્ય, એકપાત્રીય અભિનય, ગૃપ ડાન્સ વગેરે કૃતિઓ રજુ થયેલ તેમજ આજ દિવસે ધો. ૧૦નું રીઝલ્ટ આવેલ તેમાં પ્રેક્ષકોમાંથી જે બાળકોને ૧૦ ધોરણમાં ૮૦ પીઆર કે તેથી વધુ માર્કસ આવેલ તેવા વિદ્યાર્થીઓનું સન્માન પણ કરવામાં આવેલ હતું. દરેક કૃતિરજુ કરનારને પ્રોત્સાહક ઇનામ આપવામાં આવેલ હતા.

કાર્યક્રમને સફળ બનાવવા અધ્યક્ષ કિશોરભાઇ જાદવાણી, પ્રમુખ ચંદ્રેશભાઇ ખંભાયતા, મંત્રી નટુભાઇ ભારદીયા, ઉપરાંત








વસંતભાઇ ભાલારા, પ્રકાશભાઇ દુદકીયા, કિશોરભાઇ બોરાણીયા, નિલેષભાઇ આમરણીયા, કમલેશભાઇ ભારદીયા, મહેશભાઇ વડગામા, જનકભાઇ વડગામા, જયસુખભાઇ ઘોરેચા, જયુભાઇ તલસાણિયા તેમજ દિપકભાઇ વડગામા, કવિલ ગોવિંદીયા, કલ્પેશ વાડેસા, પ્રમોદ બદ્રકિયા, ભરતભાઇ વાલંભિયા, નટુભાઇ ધ્રાંગધરિયા, અશ્વિનભાઇ આમરણીયા, નિલેશભાઇ અંબાસણા, અજય દુદકીયા, દિવ્યેશ ધ્રાંગધરીયા, પરાગ વડગામા, રમણીકભાઇ સીનરોજા, કમલેશ અંબાસણા, હાર્દિક વડગામા વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.

**-અહેવાલ : નટુભાઇ ભારદીયા**

# શ્રી કાઠીયાવાડ મેવાડા સુતાર સમાજના નવા હોદ્દેદારો



શ્રી કાઠીયાવાડ મેવાડા સુતાર જ્ઞાતિના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે અને કેટલાક નવા ટ્રસ્ટીઓની પણ વરણી કરવામાં આવી છે.

નવી ટીમમાં પ્રમુખ તરીકે હરેશભાઇ ચુડાસમા, ઉપપ્રમુખ તરીકે ઇશ્વરભાઇ કે. ધોરાજીયા, ખજાનચી તરીકે ભીખુભાઇ વાડોદરીયા, સહખજાનચી તરીકે મનીષભાઇ જે. પીપળીયા, મંત્રી તરીકે જગદીશભાઇ વી. રાણપરીયા, સહમંત્રી તરીકે રાકેશભાઇ ડી. ચુડાસમાની વરણી કરવામાં આવી છે.

કમિટીમાં સભ્યો તરીકે મુકેશભાઇ જી. ચાંદલીયા, જયેશભાઇ બી. શીશાંગીયા, દિનેશભાઇ આઇ. ધોરાજીયા, ભુપતભાઇ એમ. પીપળીયા, નટવરલાલ એસ. ગઢીયા, કાંતીભાઇ એચ. વાડોદરીયા, પરેશભાઇ પી. ભારદ્વાજ, કમલશેભાઇ એસ. ભોલા, દિપકભાઇ એમ. ગૌતમી, હિતેશભાઇ એમ. ગૌતમી, કિશોરભાઇ પી. રાણપરીયાનો સમાવેશ થાય છે.

સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે મહેન્દ્રભાઇ ટી. વાડોદરીયા અને અમૃતભાઇ બી. પીપળીયા, કાંતિભાઇ ડી. ધોરાજીયા, ચંદુભાઇ જે. ચુડાસમા અને નરેન્દ્રભાઇ ડી. ગઢીયા ટ્રસ્ટી તરીકે ચાલુ રહયા છે જયારે નવા ટ્રસ્ટી તરીકે મેઘજીભાઇ એમ. ગૌતમી અને હિતેષભાઇ બી. ધોરાજીયાની નવા ટ્રસ્ટી તરીકે વરણી કરવામાં આવી છે.

# રાજકોટ વિશ્વકર્મા પ્રભુજી મંદિરે ઉજવાયો રવિ રાંદલ લોટા ઉત્સવ : મહારકતદાન કેમ્પ પણ યોજાયો







રાજકોટના દિવાનપરામાં આવેલ શ્રી વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા શ્રી રાંદલ માતાજીના ૧૩૨ લોટા ઉત્સવ અને મહારકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

દાદાના સાનિધ્યમાં યોજાયેલ લોટા ઉત્સવમાં સવારે યજમાનોએ શ્રી રાંદલ માતાજીનું શાસ્ત્રોકત વિધીથી પુજન અર્ચન કર્યું હતું. રવિ રાંદલ માતાજીનુ પુજન અર્ચન અને આરતી બાદ મંદિરના પરિસરમાં યજમાન બહેનોએ ગોરણીનું પુજન અર્ચન કર્યું હતું અને બાદમાં ભોજન પ્રસાદ લીધો હતો. ભોજન પ્રસાદ માટે મંદિરની પાછળની શેરી અને બાજુમાં આવેલ વાડીમાં વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

શ્રી રવિ રાંદલના દર્શન કરવા સવારથી બહેનો મોટી સંખ્યામાં ઉમટી પડી હતી. મંદિરનું પરિસર આખું માનવ મહેરામણથી ઉભરાઇ ગયું હતું.

દિવસ દરમ્યાન જયંત ગજજર અને શીતલબેન બદ્રકિયા અને પુજાબેન દવેએ શ્રી રાંદલ માતાના રાસ ગરબા-ભજન કિર્તન ગાઇને વાતાવરણ ભકિતમય બનાવ્યું હતું. સાંજના વિશ્વકર્મા ધુન મંડળની બહેનો અને અન્ય બહેનોએ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. રવિ રાંદલ ઉત્સવમાં ગોરણીઓને શ્રી વિરલભાઇ મનોહરભાઇ તલસાણિયા તરફથી લ્હાણી આપવામાં આવી હતી.

**રકતદાન કેમ્પ**

મંદિરના પરિસરમા જ્ઞાતિ દ્વારા મહારકતદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સવારે મહાનુભાવોના હસ્તે સવારે નવ વાગ્યે દીપ પ્રાગટય કરવામાં આવ્યા બાદ રકતદાન કેમ્પનો પ્રારંભ થયો હતો. સવારે નવ વાગ્યાથી શરૂ થયેલ રકતદાન કેમ્પ રાત્રીના નવ વાગ્યા સુધી ચાલ્યો હતો અને દિવસ દરમ્યાન ૧૫૧ બોટલ જેટલુ રકતદાન થયું હતું. તમામ રકતદાતાઓને ટ્રેનોસેટ તેમજ લંચ બોકસ અનામી દાતા તરફથી આપવામાં આવ્યા હતા. રકતદાન કેમ્પની વ્યવસ્થા મુકેશભાઇ પંચાસરા સહિતના પંચાસરા પરિવારના ભાઇઓએ સંભાળી હતી. કારોબારી સભ્યોએ પણ સહયોગ આપ્યો હતો.

અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, ઉપપ્રમુખ કાંતિભાઇ તલસાણિયા, મંત્રી પ્રદીપભાઇ કરગથરા, ટ્રસ્ટીઓ કારોબારી સદસ્યો તેમજ વિવિધ પરિવારના ભાઇ-બહેનોએ રવિ રાંદલ ઉત્સવ અને મહા રકતદાન કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. દિવસ દરમ્યાન કાર્યક્રમનું સંચાલન નીતિન બદ્રકિયાએ કર્યું હતું. કાર્યક્રમનું યુ-ટયુબ પર લાઇવ પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું.


# જામનગરમાં શ્રી વિશ્વકર્મા સર્વિસ ગ્રુપ દ્વારા વાર્ષિકોત્સવની ઉજવણી









શ્રી વિશ્વકર્મા સર્વિસ ગ્રુપ - જામનગરના ૧૯મા સ્થાપના દિન નિમિત્તે વાર્ષિકોત્સવ-૨૦૨૩ કાર્યક્રમની ઉજવણી તા.૨૧/૦૫/૨૦૨૩ રવિવારે શ્રી વિશ્વકર્મા દાદાજીના મંદિરે, પંચેશ્વર ટાવર પાસે, જામનગર ખાતે કરવામાં આવેલ હતી. જેમાં જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ શ્રી રમણીકભાઈ ગોરેચા, ટ્રસ્ટીશ્રીઓ દિલીપભાઈ ભારદીયા તેમજ અશોકભાઈ આમરણીયા, નિયામક સમિતિના હોદ્દેદારશ્રીઓ, યુવક મંડળના પ્રમુખશ્રી તથા હોદ્દેદારશ્રીઓ, મહિલા મંડળના હોદ્દેદારશ્રીઓ તેમજ કોર્પોરેટર શ્રી પ્રભાબેન ગોરેચા ખાસ હાજર રહી આ કાર્યક્રમની શોભા વધારેલ.

આ કાર્યક્રમમાં સર્વિસ ગ્રુપ દ્વારા સવારે જામનગરમાં રહેતા ગુર્જર સુતાર જ્ઞાતિજનો તથા બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ જેવી કે વક્તૃત્વ, ગાયન, વાદન, નૃત્ય તથા વેસ્ટમાંથી બેસ્ટ વગેરે યોજવામાં આવેલ, જેમાં સ્પર્ધકોએ ઉમળકાભેર ભાગ લીધેલ. કાર્યક્રમ બાદ તમામ વિજેતાઓને મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ. આ સ્પર્ધાઓમાં જજ તરીકે યતીનભાઈ છત્રાલિયા, નાનુભાઈ આમરણિયા, નીતિનભાઈ ધ્રાંગધરિયા, ભાવનાબેન પંચાસરા, ચેતનાબેન વાલંભીયા, ગ્રીષ્માબેન ધ્રાંગધરિયા તેમજ હેતલબેન ભારદીયાએ મહત્વપૂર્ણ સેવાઓ આપેલ. શ્રી વિશ્વકર્મા સર્વિસ ગ્રુપના સિનિયર સભ્ય એવા ભરતભાઈ છત્રાલીયાએ સવારના કાર્યક્રમમાં નાસ્તો, ઠંડા પીણા તેમજ સ્પર્ધકોના ઈનામ માટે અનુદાન આપેલ. તેમજ સર્વિસ ગ્રુપના કમિટી મેમ્બર ઈજયાપતિભાઈ વડગામા તરફથી રોકડ અનુદાન આપવામાં આવેલ. આ ઉપરાંત સર્વિસ ગ્રુપના પ્રમુખશ્રી, ઉપ પ્રમુખશ્રી અને સિનિયર સભ્યશ્રીઓ દ્વારા પણ રોકડ અનુદાન જાહેર કરવામાં આવેલ.

વિશેષમાં તે જ દિવસે સાંજે શ્રી વિશ્વકર્મા સર્વિસ ગ્રુપની સાધારણ સભા યોજાયેલ, જેમાં બંધારણના નિયમાનુસાર વર્તમાન પ્રમુખશ્રીના હોદ્દાની બે વર્ષની મુદત પુર્ણ થતી હોઈ, સભામાં ઉપસ્થિત તમામ સભ્યોના સર્વાનુમતે નવી ટર્મ માટે વર્તમાન પ્રમુખ શ્રી નિલેશભાઈ વડગામાને નવા પ્રમુખ તરીકે પુનઃ જાહેર કરવામાં આવેલ. તથા પ્રમુખશ્રી દ્વારા અન્ય હોદ્દેદારોમાં ઉપપ્રમુખ શ્રી ડો. હિમાંશુભાઈ આમરણીયા, મંત્રીશ્રી વિશાલભાઈ બદ્રકિયા, સહમંત્રી શ્રી કિરણબેન અનુવાડીયા તેમજ ખજાનચી શ્રી ચિરાગભાઈ સચાણીયાને યથાવત જાહેર કરવામાં આવેલ. આમ, શ્રી વિશ્વકર્મા સર્વિસ ગ્રુપના પ્રમુખશ્રી, હોદ્દેદારો અને કમિટીના અન્ય તમામ સભ્યોને ફરીથી એજ સયુકત રીતે સર્વાનુમતીથી રીપીટ જાહેર કરવામાં આવેલ. જે શ્રી વિશ્વકર્મા સર્વિસ ગ્રુપની એકતા અને અખંડિતતા માટે સીમા ચિન્હરૂપ છે.

નવી કમીટીની રચના બાદ ભવિષ્યના કાર્યક્રમો અંગે સભ્યો

સાથે ચર્ચા કરાયેલી અને તે બાદનાં કાર્યક્રમમાં સર્વિસ ગ્રુપમાં પ્રવેશતાં નવા સભ્યોનો પરીચય આપી મહાનુભાવોના હસ્તે સ્મૃતિચિહ્નના આવકાર થકી તેઓનું શ્રી વિશ્વકર્મા સર્વિસ ગ્રુપ પરિવારમાં સ્વાગત કરવામાં આવ્યું. આ ઉપરાંત સર્વિસ ગ્રુપના સભ્યોના બાળકોનુ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન પ્રાપ્ત કરેલી વિશેષ સિદ્ધિઓ બદલ મહાનુભાવોના હસ્તે સન્માન કરી તેમની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનાં અંતે શ્રી વિશ્વકર્મા સર્વિસ ગ્રુપના તમામ સભ્યોએ સહપરિવાર સ્વરુચિ ભોજન લીધેલ.





આ સંપૂર્ણ કાર્યક્રમમાં શ્રી વિશ્વકર્મા સર્વિસ ગ્રુપના પાયાના પથ્થર સમાન સિનિયર સભ્યશ્રીઓ નાનુભાઈ આમરણીયા, ભરતભાઈ છત્રાલિયા, યતીનભાઈ છત્રાલિયા, નવીનભાઈ બોરાણીયા, પ્રફુલભાઈ વાલંભીયા, મુકેશભાઈ વડગામા, જેન્તીભાઇ પીસાવાડીયા, હસમુખભાઈ ઈસલાણીયા વગેરે હાજર રહી સાથ સહકાર તથા માર્ગદર્શન આપેલ.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ઉપપ્રમુખ શ્રી ડો. હિમાંશુભાઈ આમરણીયા તેમજ ખજાનચી શ્રી ચિરાગભાઈ સચાણીયાએ તેમની આગવી અંને અનોખી શૈલીથી કરેલ.

ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા માટે સર્વિસ ગ્રુપના પ્રમુખ નિલેશભાઈ વડગામાના માર્ગદર્શન હેઠળ સર્વિસ ગ્રુપના તમામ હોદ્દેદારો ઉપપ્રમુખ ડો. હિમાંશુભાઈ આમરણીયા, મંત્રી વિશાલભાઈ બદ્રકીયા, સહમંત્રી કિરણબેન અનુવાડીયા, ખજાનચી ચિરાગભાઈ સચાણીયા તથા સભ્યશ્રીઓ સુરેશભાઈ જોલાપરા, અલ્પેશભાઈ વઘાડીયા, શ્યામભાઈ પીસાવાડિયા, ઈજયાપતિભાઈ વડગામા, મિલાપભાઇ નગેવાડીયા, મહીલા સભ્યશ્રીઓ મિતલબેન પેશાવરીયા, દિપ્તીબેન સાકડેચા, ભાવનાબેન વઘાડિયા તેમજ જ્યોત્સનાબેન વડગામા વગેરેએ જવાબદારીથી ટીમવર્ક કરેલ.

# રસીકભાઇ બદ્રકિયા હવે શિક્ષણ સમિતિના સભ્ય બન્યા



ભારતીય જનતા પક્ષમાં છેલ્લા ૨૪ વર્ષ જુના કાર્યકર કે જેઓ રાજકોટ શહેરના વોર્ડ-૧માં વોર્ડ પ્રમુખ અને મહામંત્રી રહી ચુકયા છે. તેમને રાજકોટ મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિના સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના અધ્યક્ષ સ્થાને મળેલ મિટીંગમાં નિર્ણય કરવામાં આવ્યા બાદ શહેરના ભાજપના પ્રમુખ મુકેશ દોશીએ રસીકભાઇ બદ્રકિયાની શિક્ષણ સમિતિના સભ્ય તરીકેની નિમણુંકની જાહેરાત કરી હતી.

પાટીલના નેતૃત્વમાં મિટીંગમાં શિક્ષણ સમિતિ માટે શિક્ષણ, જ્ઞાતિ અને પક્ષમાં યોગદાનને ધ્યાનમાં રાખી આ જાહેરાત કરી છે.

શ્રી રસીકભાઇ છેલ્લા ગુર્જર સુતાર જ્ઞાતિમાં ઉપાધ્યક્ષ રહયા બાદ ૮ વર્ષથી પ્રમુખ તરીકે છે. તેમની નિમણુંકથી ગુર્જર સુતાર સમાજમાં ભાજપે સુથાર સમાજની કદર કરી હોવાની લાગણી જાગી છે. વિવિધ સંસ્થાઓએ તેમને અભિનંદન સન્માન આપ્યા છે.

# વિશ્વકર્મા બાગ મુંબઇ ખાતે રવિ રાંદલ ઉત્સવની ઉજવણી





મુંબઇમાં વિલે પાર્લેમાં આવેલ શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગમાં તા. ૭ના રોજ વિશ્વકર્મા બાગના સમગ્ર કાર્યકર્તાઓ દ્વારા મા ભગવતી રાંદલ માતાના ૧૩૨ લોટા ઉત્સવની ભાવ-ભકિતસભર વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનાં મુખ્ય યજમાન તરીકે રમાબેન મનસુખલાલ સંચાણિયા અને યજમાનો તરીકે નીતાબેન તુષારભાઇ ધ્રાંગધરીયા, પ્રેક્ષાબેન વિરલભાઇ ઘરવલીયા, પ્રતિભાબેન બટુકભાઇ ભાડેશીયા, કોમલબેન વિજયભાઇ વઘાડીયા, મીનાબેન નંદલાલભાઇ તલસાણિયા, વનિતાબેન રતિલાલ ખારેચા, કનકબેન પી. વઘાડીયા, નેહાબેન ભાર્ગવભાઇ ઘોરેચા, ભારતીબેન અશોકભાઇ પીસાવડ્યા, નીતાબેન મનોજભાઇ વીસાવડીયા, પન્નાબેન ધર્મેશભાઇ દુધૈયા, માયાબેન જીતુભાઇ વડગામા રહયા હતા. માતાજીના શણગારનું સેવા કાર્ય ધન્વીબેન હિતેષભાઇ, અરુણાબેન પંકજભાઇ ભેસાણીયાની રાહબરીમાં ૧૫ જેટલી બહેનોએ કર્યું હતું. બહેનોમાં અનેરો ઉત્સાહ હતો. આ કાર્યક્રમમાં દાતાઓએ પણ ઉત્સાહથી દાન આપ્યું. એક દાતા અને ૨ લાખનું, પંકજભાઇ ભેંસાણીયા અને હીતેશભાઇ પંચાસરા તરફથી ૫૧,૦૦૦ની ભેટ મળી હતી. આ ઉપરાંત પ્રફુલાબેન આર. વઘાડીયા, જયંતભાઇ જોલાપરા, અશોકભાઇ વડગામા, શ્રીમતી ઉષાબેન પંચાસરા, શ્રીમતી કુસુમબેન જાદવાણી તરફથી પચ્ચીસ હજાર-પચ્ચીસ હજારની ભેટ મળી હતી. યુવક મંડળ, શ્રી ગુ.સુ. વિ. ધુન મંડળ, શ્રીમતી ઉષાબેન પંચાસરા, અશોકભાઇ વડગામા દ્વારા પણ ૨૧,૦૦૦ની ભેટ અપાઇ હતી. અનોખી મહિલા સમિતિએ પણ યોગદાન આપ્યું હતું. સેવામાં માતાજીના વસ્ત્રોના દાતાનો લાભ શ્રીમતી હીનાબેન અજયભાઇ ધોળકીયાએ લીધો હતો. અન્ય ભેટ પણ મળી હતી.




વિશ્વકર્મા બાગ ટ્રસ્ટ કમિટી દ્વારા વિશ્વકર્મા બાગ કાર્યક્રમ માટે વિનામુલ્યે અપાયો હતો.

શાસ્ત્રોક્ત પુજન બાદ યજમાન બહેનોએ ગોરણી પુજન કર્યું હતું. ૭૧૦ ગોરણી સહિત ૧૫૦૦ જેટલા ભાવિકોએ ભોજન પ્રસાદ લીધો હતો. તમામ ગોરણીના પુજન બાદ લહાણી અપાઇ હતી.

રજીસ્ટ્રેશન માટે નીતાબેન ટી. ધ્રાંગધરીયા, શ્રીમતી હેતલબેન અલ્પેશભાઇ પંચસારા, અને શ્રીમતી ભારતીબેન આર. સુરેલીયાએ સેવા આપી હતી. બાગના કાર્યકર્તાઓએ પુજા માટે વ્યવસ્થા કરી હતી.

**(અહેવાલ : અલ્પાબેન અનુવાડીયા)**





# પેઇન્ટીંગ ક્ષેત્રમાં અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરનાર શ્રી સી.ડી. મિસ્ત્રી

## ગૌરવ પુરસ્કાર સહિત અનેક સન્માન મેળવ્યા હતા

**શબ્દાંજલી : વૃજ મિસ્ત્રી**





સી.એન. ફાઇન આર્ટ કોલેજમાં જેઓ પ્રાધ્યાપકોમાં અને વિદ્યાર્થીઓમાં ખુબ જ લોકપ્રિય રહેલા એવા શ્રી સી.ડી. મિસ્ત્રી સાહેબનો જન્મ સુરત પાસે ચીખલી ગામમાં ૧૯૩૩ની સાલમાં થયેલો. ચિત્રકલામાં નાનપણથી રસ હોવાથી અમદાવાદમાં સી.એન. કોલેજ ઓફ ફાઇન આર્ટમાં શ્રી રસીકલાલ પરીખની પાસે ડી.ટી.સી. પછી આર્ટ માસ્ટર અને જી.ડી.એ. પેઇન્ટીંગનો અભ્યાસ કરી અને ત્યાં જ અધ્યાપક તરીકે ૩૫ વર્ષ પેઇન્ટીંગ શીખવાડી નિવૃત્ત થયા અને પોતાની કલા પ્રવૃત્તિમાં રત રહી ખંતપૂર્વક પોતાની શૈલી ઉભી કરી અનેક ખુબ જ મોટી સાઇઝના કેનવાસ પેઇન્ટીંગ કરી ઘણા બધા પોતાના શો અને ગૃપ શોમાં ભાગ લઇ ઇનામો, મેડલો તથા સન્માન મેળવ્યા.

એમની મુખ્ય શૈલી ગ્રામ્યજીવનમાં ગ્રામીણો દ્વારા બનાવાતા ભીંતચિત્રોની પ્રેરણા લઇ શરૂ કરવામાં આવેલી. કેનવાસ પર એમનું ટેકસચર એવું બનાવવામાં આવતું જે કેવી રીતે કર્યું હશે તે આશ્ચર્ય થતુ. જુના અને બુઠ્ઠા બ્રશથી તેઓ એટલી બધી ધીરજથી કલરો મુકતા કે આપણે જોતા જ રહીએ.

ઉપરાંત ફોર્સ એન્ડ ફેન્ટસી જેવા વિષય ઉપર બ્લેક વ્હાઇટ લાઇટ શેડ સાથેના એમના પેઇન્ટીંગ કોર્પોરેટ ઓફીસો તથા લકઝુરીયસ ફલેટ સીસ્ટમની કોમન વોલમાં પણ મુકવામાં આવતા.

તેઓ પેઇન્ટીંગમાં મોટેભાગે દેવ-દેવીઓના અને ધાર્મિક ગ્રંથોની વાર્તાઓના વિષય લઇને કામ કરતા. તેમના અંદાજે ૨૦ વ્યકિતગત શો અને ૧૫ જેટલા ગ્રુપ શો થઇ ગયા છે. આર્ટ સોસાયટી ઓફ ઇન્ડીયા-મુંબઇ અને કલાવર્ત કલાન્યાસ ઉજજૈન દ્વારા એમને લાઇફ ટાઇમ એચીવમેન્ટ એવોર્ડ એનાયત થયેલો હતો. તેમણે મૈસુર, હૈદરાબાદ, ન્યુ દિલ્હી, ગ્વાલીયરની સંસ્થાઓમાંથી ૨૫ એવોર્ડ મળ્યા હતા. ગુજરાત રાજય અને કેન્દ્રની લલિતકલા એકેડેમી દ્વારા તેમને ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયા હતા. એમના પુત્ર પણ ચિત્રકલાના ક્ષેત્રે કામ કરી રહયો છે. સૌ જેમને ગુરૂ તરીકે સન્માને એવા શ્રી સી.ડી. મિસ્ત્રી સાહેબને વિશ્વકર્મા વિશ્વ તરફથી શ્રદ્ધાંજલી અર્પણ કરીએ છીએ.




**ભરતભાઈ ગાજીપરા**
**સંસ્થાપકશ્રી,**
**સર્વોદય સ્કૂલ્સ & કોલેજીસ**

હું સ્પષ્ટ પણે માનુ છું કે, **બાળકો રાષ્ટ્રનું ભવિષ્ય છે, ત્યારે તે માત્ર માર્કસ માટે નહીં, શીખવા માટે ભણે અને શિક્ષણ Pressure નહીં Pleasure બનાવે.** તેમજ **બાળકો Toppers સાથે જીવનમાં Proper બને** અને આ **Proper** વ્યક્તિ જ ભવિષ્યમાં આદર્શ રાષ્ટ્રના નિર્માણ માટે પોતાનું યોગદાન આપી શકે, સર્વોદય સ્કૂલ આદર્શ, મજબુત અને રાષ્ટ્રીય વિચારધારા થકી વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા વિવિધ અભ્યાસિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું નિયમિત રીતે આયોજન કરી શિક્ષણની પ્રક્રિયાને સરળ અને સહજ બનાવે છે.

સર્વોદય સ્કૂલ એટલે સર્વશ્રેષ્ઠ શિક્ષણની ઝળહળતી મસાલ જેના જ્યોર્તિમય પ્રકાશથી અનેક વિદ્યાર્થીઓએ તેમના ભવિષ્યના ઉજ્જવળ પથ પ્રાપ્ત કર્યા છે અને પોતાના જીવનમાં તેમજ કારકિર્દી ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી છે અને સમાજોપયોગી વ્યક્તિત્વો સમાજને આપ્યા છે.

વિદ્યાર્થીઓમાં રહેલી ક્ષમતા અને યોગ્યતાને ઓળખી સર્વોદય સ્કૂલ દ્વારા સમાજને માત્ર Proper Doctors, Engineers, Charted Accountants, Government Officers, Businessmen જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત Artists તેમજ Sports persons પણ આપ્યા છે.

સર્વોદય સ્કૂલ્સ એન્ડ કોલેજીસમાં કે.જી. થી પી.જી. સુધીની વ્યવસ્થિત આયોજનબદ્ધ અને સુવિધાસભર અભ્યાસ વ્યવસ્થા છે. **જેમાં કે.જી. થી ધો. ૧૨ (અંગ્રેજી માધ્યમ-CBSE), કે.જી. થી ધો. ૧૨ (ગુજરાતી માધ્યમ), કે.જી. થી ધો. ૧૨ (અંગ્રેજી માધ્યમ-GSEB), B.C.A., B.Sc., B.Sc. (IT), M.Sc. (IT), P.G.D.C.A.** ના અભ્યાસક્રમો Multiple Campus માં કાર્યરત છે. વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ માટે મુખ્ય અભ્યાસક્રમની સાથે-સાથે **JEE-NEET ના વર્ગો**, સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે **GCPT, CA Foundation** ના વર્ગો તેમજ વિવિધ સ્પર્ધાત્મક પરિક્ષાઓનું નિયમિત અધ્યયન કરાવવામાં આવે છે. **હાલ આ વર્ષથી સર્વોદય સ્કૂલ-પાળ ખાતે** Day School **તેમજ** Girls Hostel **ની સુવિધા ઉપલબ્ધ** છે.






SEN

# સર્વોદય એજ્યુકેશનલ નેટવર્ક

| પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ. મો. 99250 88869 | સત્યમ પાર્ક, ૮૦ ફુટ રોડ, મવડી બાયપાસ, રાજકોટ. મો. 90990 97130 | ૨૫૦ ફુટ ન્યુ રીંગ રોડ, પાળ રોડ ચોકડી, રાજકોટ મો. 94094 53300 |
|---|---|---|

## બેસ્ટ સેલરમાં સ્થાન પામેલ પુસ્તક



સારા નરસા પ્રસંગોએ
સ્મૃતિભેટ આપવા માટેનું
શ્રેષ્ઠ પુસ્તક

**મારા દાદા**
## શ્રી વિશ્વકર્મા
(સંક્ષિપ્તમાં વિશ્વકર્મા પુરાણ)

પાના - ૮૪,
કિંમત રૂા. ૮૦

### ૨૫થી વધુ નકલ મંગાવનારને ખાસ કન્સેસન પોસ્ટેજ ફ્રી

: આજે જ સંપર્ક કરો :

**પ્રવીણ ગજ્જર - મો. ૯૦૯૯૯ ૪૯૫૮૫**

Ramy Publication

૩૨૦, હિરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ.

---

## વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે અભિનંદન અને શુભેચ્છાઓ...



### દિલિપભાઈ સિંહાર
સિંહાર સ્કૂલ, પંચાયત ચોક, યુનિ. રોડ
રાજકોટ. મો. ૯૦૯૯૯ ૮૦૭૦૭

---

# શ્રી જ્ઞાનસૌરભ સ્કૂલ

ઓમનગર, ૪૦ ફુટ મેઇન રોડ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

83 47 90 50 40 | 96013 10970

**બોર્ડનું પરિણામ 64.62%**

## S.S.C.-2023 બોર્ડના તેજસ્વી તારલાઓને અભિનંદન

**શાળાનું પરિણામ 93.47%**

| નામ | PR |
|---|---|
| 1. યોગાનંદી અંજલી | 99.88 PR (ગણિત 100/100) |
| 2. ભંડેરી દિવ્યેશ | 97.85 PR (ગણિત 99/100) |
| 3. પરમાર દિશા | 96.84 PR |
| જુવારદા પંચમી | 96.11 PR |
| આરંભડીયા ઋષી | 95.31 PR |
| વાળા અપેક્ષા | 94.67 PR |
| નૈના રોહિત | 94.28 PR |
| વાણીયા અલ્પેશ | 94.00 PR |
| ભાલુ સાહિલ | 93.58 PR |
| રાઠોડ માનવ | 92.71 PR |
| સોલંકી નિમેષ | 92.71 PR |
| પતરીયા ભૂમિકા | 89.54 PR |
| રાઠોડ માધવ | 88.42 PR |
| પરમાર હેમાંશુ | 87.66 PR |
| ગઢવાણા નિરજ | 86.86 PR |
| જાડેજા આયુષરાજસિંહ | 86.86 PR |
| કુબાવત નિશાંત | 86.86 PR |
| નૈના હિરલ | 85.63 PR |
| પતરીયા હર્ષદ | 83.89 PR |
| મુળાશીયા પ્રિયા | 83.89 PR |
| જાદવાણી વિદ્યા | 81.81 PR |

કુલ 46 વિદ્યાર્થીઓ | 90 PR + 11 વિદ્યાર્થીઓ | 80 PR + 21 વિદ્યાર્થીઓ | 70 PR + 28 વિદ્યાર્થીઓ

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month

SARVODAYA SEN

ડે-સ્કૂલ એટલે

# ડેવલપમેન્ટ

ACADEMIC DEVELOPMENT

INTELLECTUAL DEVELOPMENT

PHYSICAL DEVELOPMENT

## ❖ Vision

બાળક **'માત્ર' શિક્ષણ** મેળવે ત્યારે તે **'મશીન'** બને છે, પરંતુ **કેળવણી સાથે શિક્ષણ** પામે ત્યારે તે સાચો **'માનવ'** બને છે. આ 'માનવ' બનેલા વ્યકિતઓથી કુટુંબ; સારા કુટુંબોથી સમાજ અને સારા સમાજથી જ શ્રેષ્ઠ રાષ્ટ્રનિર્માણ થાય છે. તેથી દરેક બાળક મૂલ્ય શિક્ષણ, સંસ્કાર અને સદ્ભાવથી જીવન ઘડતર પામે.

## ❖ Mission

એક એવા ઉત્તમ નાગરિકના નિર્માણનો ધ્યેય છે કે, જે કુટુંબ, સમાજ અને રાષ્ટ્રને સમર્પિત બની ગૌરવ અપાવે અને રોજીંદા દરેક કાર્યમાં રાષ્ટ્રધર્મ અપનાવે.

## ❖ Education :-

- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ મુજબ શરૂઆતથી જ શિક્ષણ આપવા સજ્જ.
- આંતરરાષ્ટ્રીય કક્ષાની અભ્યાસ પદ્ધતિ અને ભારતીય શિક્ષણ પદ્ધતિનો સમન્વય
- ભારેખમ વર્કબુક નહી પરંતુ હળવી વર્કશીટ દ્વારા ભાર વગરનું ભણતર
- પ્રશિક્ષિત અને અનુભવી શિક્ષકો દ્વારા પ્રવૃત્તિમય અને અનુભવજન્ય શિક્ષણ પદ્ધતિ
- NCC, NSS અને સ્કાઉટ & ગાઇડની પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ અને અનુશાસન કેળવણી.
- સર્વોદય ઉપવન કે જ્યાં ગાય અને ગાય આધારિત કૃષિ શિક્ષણ અને પ્રાકૃતિક તેમજ ઓર્ગેનિક પદ્ધતિનો પ્રત્યક્ષ અભ્યાસ.
- દરેક વિષયનું શિક્ષણ બાળકોમાં જીવન મૂલ્ય તરીકે પ્રસ્થાપિત થાય તેવો કેળવણી અભિગમ.

## ❖ Education Facility

- શાંત અને રમણિય વાતાવરણ
- WI-FI શાળા કેમ્પસ
- સ્માર્ટ કલાસરૂમ
- અધતન સાયન્સ લેબ્સ
- મ્યુઝીક, આર્ટ એન્ડ કાફટરૂમ
- સમૃધ્ધ ડિજીટલ લાઇબ્રેરી




# SARVODAYA SCHOOLS & COLLEGES

કેમ્પસ :

CBSE - Eng. Medium
ગુજરાત બોર્ડ :- ગુજરાતી માધ્યમ
**સર્વોદય સ્કૂલ : પાળ**
પાળ રોડ, 250 ફૂટ રોડ,
પાળ રોડ ચોકડી, રાજકોટ.
મો. 99250 91399, 94094 53300

ગુજરાત બોર્ડ :- ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
**સર્વોદય સ્કૂલ - ગોંડલ રોડ**
પી.ડી.એમ. કોલેજ કેમ્પસ,
ગોંડલ રોડ, રાજકોટ.
મો. 99250 88869

ગુજરાત બોર્ડ :- ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
**સર્વોદય સ્કૂલ - ૮૦ ફૂટ રોડ મવડી**
સત્યમ પાર્ક, રામધણ પાછળ,
મવડી બાયપાસ, ૮૦ ફૂટ રોડ, રાજકોટ.
મો. 90990 97130

sarvodaya.school530@gmail.com www.sarvodayaschool.com

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007. (Gujarat)
If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧